RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 103* Date: 09.02.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

રાષ્ટ્રપતિના અભિભાષણ પર રાજ્યસભામાં ધન્યવાદ પ્રસ્તાવ પર બોલ્યા વડાપ્રધાન

# MSP હતી, MSP છે અને MSP રહેશે, આંદોલન બંધ કરો: મોદી

**એક સમયે વેક્સિન માટે વલખા મારતુ ભારત, આજે વિશ્વના ૧૫૦ દેશને વેક્સિન આપી રહ્યુ છે, ભારત મધર ઓફ ડેમોક્રેસિ, ભારતનું લોકતંત્ર વેસ્ટર્ન ઈન્સ્ટીટ્યુટ નથી હ્યુમન ઈન્સ્ટીટ્યુટ છે સત્યમ શિવમ સુંદરમ તેનો મંત્ર છે**



*ન્યુ દિલ્હી,તા.૮*

કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂત આંદોલનની જવાળા પંજાબથી ઊઠી અને હરિયાણાને પોતાનામાં શમાવતા પશ્ચિમ યૂપી સુધી ફેલાઈ ગઈ છે. પંજાબમાં જ્યાં ખેડૂતો રોડ પર ઉતર્યા છે તો પશ્ચિમ યૂપીમાં ખાપ પંચાયતોનો તબક્કો ચાલી રહ્યો છે. આવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર રાજ્યસભાને જવાબ આપ્યો તો આંદોલનકારી ખેડૂતોને સાધવાનો પણ પ્રયત્ન કર્યો. પીએમ મોદીએ ચૌધરી ચરણસિંહનો ઉલ્લેખ કરીને પશ્ચિમ યૂપીના ખેડૂતોને સંદેશ આપ્યો તો શીખ સમુદાયને દેશની શાન ગણાવીને પંજાબના આંદોલનકારી ખેડૂતોના દિલ જીતવાનો પ્રયત્ન કર્યો.

કૃષિ કાયદાના મુદ્દા પર ચાલી રહેલા આંદોલનને લઈ પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ટેકાના ભાવ હતા, છે અને રહેશે. એવામાં ખેડૂતોના આંદોલનને ખત્મ કરવું જોઈએ અને ચર્ચા ચાલુ રાખવી જોઈએ. આ સિવાય કેટલાંય મુદ્દા પર પીએમ મોદીએ વિપક્ષ પર કટાક્ષ કર્યા.

આપણી ખેતીને ખુશાલી બનાવા માટે આ સમયને ગુમાવવો જોઈએ નહીં. પીએમે કહ્યું કે આપણા કૃષિમંત્રી સતત ખેડૂતોની સાથે વાતચીત કરી રહ્યા છે. હજુ સુધી કોઈ તણાવ પેદા થયો નથી. એકબીજાની વાત સમજવાનો, સમજાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અમે આંદોલન કરનારાઓને પ્રાર્થના કરીએ છીએ કે આંદોલન કરવાનો બધાનો હક છે. પરંતુ આ રીતે વૃદ્ધ લોકો બેઠા છે એ યોગ્ય નથી તમે તેમને લઈ જાઓ. તમે આંદોલનને ખત્મ કરો. આગળ વધવા માટે સાથે બેસીને ચર્ચા કરીશું. હું ગૃહના માધ્યમથી પણ નિમંત્રણ આપું છું. આપણે આગળ વધવું જોઈએ, દેશને પાછળ લઈ જવો જઈએ નહીં, પક્ષો હોય વિપક્ષ હોય આ સુધારાઓને આપણે તક આપવી જોઈએ. આ પરિવર્તનથી લાભ થાય છે કે નહીં. કોઈ કમી હોય તો ઠીક કરીશું, એવું તો નથી કે બધા દરવાજા બંધ કરી દીધા હોય. આથી જ હું કહું છું કે વિશ્વાસ અપાવું છું કે મંડીઓ આધુનિક બનશે, વધુ પ્રતિસ્પર્ધી બનશે. ટેકાના ભાવ છે , હતા અને રહેશે. આ સદનની પવિત્રતા સમજો. મહેરબાની કરીને ભ્રમ ના ફેલાવીએ કારણ કે દેશે આપણને વિશિષ્ટ જવાબદારી સોંપી છે.

પીએમ મોદીએ કહ્યું, "યાદ કરો, હું બે-ત્રણ વર્ષ પહેલાં અહીં આ ગૃહનું ભાષણ સાંભળતો હતો. મોબાઈલ ક્યાં છે, લોકો ડિજિટલ ટ્રાંઝેક્શન કેવી રીતે કરશે, આજે યુપીઆઈ તરફથી દર મહિને ચાર લાખ કરોડનું ટ્રાંઝેક્શન થાઈ રહ્યું છે. પાણી હોય, આકાશ હોય, અંતરિક્ષ હોય, ભારત દરેક ક્ષેત્રમાં તેની સંભાવના સાથે ઉભું છે. સર્જિકલ સ્ટ્રાઈક હોય, એર સ્ટ્રાઈક હોયપવિશ્વએ ભારતનું પરાક્રમ જોયું છે. PM મોદીએ વિપક્ષને આડે હાથ લેતા કહ્યું કે અહીં લોકતંત્રને લઈ ખૂબ ઉપદેશ અપાય છે. તેમણે કહ્યું કે ભારતનું લોકતંત્ર એવું નથી કે તેની ખાલ આપણે ઉઝેડી શકીએ છીએ. હું ડેરેક (ઓ'બ્રાયન) જીની વાત સાંભળી રહ્યો હતો. જોરદાર શબ્દોનો પ્રયોગ થઈ રહ્યો હતો. હું સાંભળી રહ્યો હતો ત્યારે હું વિચારી રહ્યો હતો કે આ બંગાળની વાત છે? કોંગ્રેસના આપણા (પ્રતાપ સિંહ) બાજવા સાહેબ બોલી રહ્યા હતા, મને લાગી રહ્યું હતું થોડીવારમાં તેઓ ૮૪ સુધી પહોંચી જશે. ખેર એવું થયું નહીં. કોંગ્રેસ દેશને બહુ નિરાશ કરે છે, એક વખત ફરીથી એ જ કર્યું.

મોદીએ કહ્યું કે આપણે ત્યાં કોરોનાને લઈ ડરાવાની કોશિષો પણ થઈ. કેટલાંય નિષ્ણાતોએ પોતાની સમજના હિસાબથી કહ્યું. આજે દુનિયા એ વાત પર ગર્વ કરી રહ્યું છે કે ભારતે કોરોનાથી લડાઈમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. આ લડાઈ જીતવાનો યશ કોઈ સરકારને જતો નથી પરંતુ ભારતને તો જાય છે. વિશ્વની સામે આત્મવિશ્વાસથી બોલવામાં શું જાય છે. પીએમે કહ્યું કે તમારા સોશિયલ મીડિયા પર જોયું હશે, ફૂટપાથ પર ઝૂંપડીમાં રહેનાર માતા પણ બહાર દીવડો પ્રગટાવીને બેઠી છે. પરંતુ આપણે તેમની ભાવનાઓની મજાક બનાવી રહ્યા છે? તેમની મજાક ઉડાવી રહ્યા છે. તેમણે કહ્યું વિરોધ કરવા માટે કેટલાં મુદ્દા છે અને કરવો પણ જોઈએ પરંતુ એવું ના કરવું જોઈએ કે દેશનું મનોબળ તૂટે.

## ભારતીય સેનાએ પાકિસ્તાનની હરકતોને સીમા સુધી સિમિત કરી: રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી,તા.૮

રાજયસભામાં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે કહ્યું છે કે પાકિસ્તાનથી સરહદ પર સતત યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. જેનો ભારતીય સેના સતત જોરદાર જવાબ આપી રહી છે. રાજયસભાના પ્રશ્નાકાળ દરમિયાન સંરક્ષણ પ્રધાને કહ્યું કે ભારતીય સેનાએ પાકિસ્તાન દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓને મર્યાદિત કરી દીધી છે. તેમણે એમ પણ કહ્યું છે કે અત્યાર સુધી ૧૧ રાફેલ વિમાન ભારતને મળી ચુક્યા છે.

સોમવારે રાજયસભામાં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે એક પ્રશ્નના જવાબમાં કહ્યું, ×ભારતીય સેનાની પ્રશંસા કરવામાં આવે, આપણા સૈનિકોએ પાકિસ્તાનની હરકતોને મર્યાદિત કરી દીધી છે.× જ્યાં સુધી ભારત વતી કાર્યવાહી કરવાની વાત છે. ભારતીય સૈન્ય દ્વારા કેવી પ્રતિક્રિયા મળી છે તે ફક્ત પાકિસ્તાન સરકારનું હૃદય જ કહી શકે છે.

રાજનાથસિંહે કહ્યું કે ૨૦૨૦ માં યુદ્ધવિરામ ભંગની ૪૬૨૯ ઘટનાઓ બની હતી. આવી પ્રવૃત્તિઓ કરવાના પાકિસ્તાનનો ઉદ્દેશ ભારતમાં શાંતિ વિક્ષેપિત કરવાનો છે. તેમણે કહ્યું કે, સીમાપારથી વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવામાં આવે છે કારણ કે તેમનો હેતુ ભારતમાં પઠાણકોટ હુમલો, ઉરી હુમલો જેવી મોટી ઘટનાઓ ચલાવવાનો છે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે રાજયસભામાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૧ રાફેલ વિમાન દેશમાં આવી ચૂક્યા છે અને ૧૭ માર્ચ સુધીમાં વધુ ભારત આવશે. તમામ માન્ય રફાલ લડાકુ વિમાન એપ્રિલ ૨૦૨૨ સુધીમાં ભારતીય વાયુ સેનામાં જોડાશે. વિદેશ પ્રધાને એમ પણ કહ્યું હતું કે સરકાર સ્વદેશીકરણ પર આગ્રહ કરી રહી છે. અહીં ૧૦૧ વસ્તુઓ છે જે હવેથી વિદેશથી આયાત કરવામાં આવશે નહીં પરંતુ તેનું ઉત્પાદન ફક્ત ભારતમાં કરવામાં આવશે.

### ખેડૂત આંદોલનના સમર્થન મુદ્દે

## મહારાષ્ટ્ર સરકાર સચિન, લતા, કોહલી સહિતના સ્ટાર્સે કરેલ ટ્વિટની કરશે તપાસ

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના ગૃહ મંત્રી અનિલ દેશમુખે કહ્યું કે, સચિન તેંડુલકર, લતા મંગેશકર, વિરાટ કોહલી સહિતના સ્ટાર્સ દ્વારા કરવામાં આવેલી ટ્વિટની તપાસ કરવામાં આવશે. ખેડૂત આંદોલનના સમર્થનમાં ઈન્ટરનેશનલ સ્ટાર રિહાનાના ટ્વિટ બાદ ભારતના જાણીતા લોકો દ્વારા ટ્વિટ કરવામાં આવી હતી.

આ ટ્વિટ્સ બાદ કોંગ્રેસ દ્વારા મહારાષ્ટ્ર સરકારને ફરિયાદ કરવામાં આવી હતી કે, રિહાનાના ટ્વિટ બાદ સચિન તેંડુલકર, લતા મંગેશકર, વિરાટ સહિતના સ્ટાર્સે જે ટ્વિટ કર્યું હતું તેમાં કેટલાક શબ્દો કોમન છે. કોંગ્રેસ કાર્યકર્તાઓએ અનિલ દેશમુખને કહ્યું હતું કે, સુનીલ શેટ્ટીએ તો પોતાના ટ્વિટમાં મુંબઈ ભાજપના નેતા હિતેશ જૈનને પણ ટેગ કર્યા હતા. સાયના નહેવાલ અને અક્ષય કુમારનું ટ્વિટ બિલકુલ સરખું છે. આ બધી ટ્વિટ્સ જોઈને લાગે છે કે, ભાજપ સરકારના દબાણમાં આ સ્ટાર્સે ટ્વિટ કર્યા હશે. મહારાષ્ટ્ર સરકાર આ સંદર્ભે તપાસ કરે.

જે બાદ અનિલ દેશમુખે કહ્યું કે, રિહાનાના ટ્વિટ બાદ સચિન તેંડુલકર, લતા મંગેશકર, વિરાટ કોહલી સહિત અન્ય સ્ટાર્સે જે ટ્વિટ કર્યા છે, તેની પેટર્ન છે, કેટલાક શબ્દો કોમન છે. ખાસ કરીને સાયના અને અક્ષયનું ટ્વિટ સરખું છે. આ બધી ટ્વિટનું ટાઈમિંગ પણ સવાલ ઉભા કરે છે. આથી આની તપાસ કરવામાં આવશે. રાજય ઈન્ટલિજન્સ વિભાગ આની તપાસ કરશે.

### અત્યાર સુધી ૧૫ લોકોના મૃતદેહ મળ્યા

## ઉત્તરાખંડમાં ટનલમાં રેસ્ક્યૂ ચાલુ, હજુ 30 લોકો ફસાયેલા, ૨૦૦થી વધુ ગુમ



ચમોલી,તા.૮

ગઈકાલે ઉત્તરાખંડના ચમોલીમાં ગ્લેશિયર તૂટતાં ભારે તબાહી મચી છે. અહીં પાણીના પ્રવાહમાં પાવર પ્લાન્ટ, પુલ અને ઘરોથી માંડીને ઘણા લોકો પણ તણાઈ ગયા છે. અત્યાર સુધી ૧૫ લોકોના મૃતદેહ મળ્યા છે. જ્યારે ૨૦૦થી વધુ લોકો ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે સ્થાનિક તંત્ર, સેના અને એનડીઆરએફ દ્વારા રેસ્ક્યૂ ચાલી રહ્યું છે.

આ દૂર્ઘટનામાં લગભગ ૨૦૩ લોકો ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે ૧૫ મૃતદેહ મળ્યા છે. તપોવનની નાની ટનલમાં રેસ્ક્યૂ કરી ૧૨ લોકોને સલામત રીતે બચાવવામાં આવ્યા છે. જ્યારે મોટી ટનલમાં કાટમાળ દૂર કરવામાં આવી રહ્યું છે. આર્મી સહિત એજન્સીઓ સતત બચાવ કામગીરી કરી રહી છે. જો કે, આ ટનલ લગભગ બે કિમી લાંબી છે અને હાલ લગભગ ૧૦૦થી ૨૦૦ મીટર સુધીનો જ માર્ગ સાફ થયો છે.

તપોવન ટનલ પાસે આઈટીબીપીનું રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. અહીં સ્નિફર ડોગની મદદ લેવાઈ રહી છે. સોમવારે સવારે ઉત્તરાખંડમાં વાયુસેના રેસ્ક્યૂ ઓપરેશનમાં જોડાઈ છે. સાથે જ દેહરાદૂનથી પણ જોશીમઠ માટે જવાનોને મોકલવામાં આવી રહ્યાં છે.

કહેવાઈ રહ્યું છે કે, એક સુરંગમાં લગભગ ૩૦ લોકો ફસાયેલા છે. જયારે ૩૦૦ જવાનો દ્વારા ટનલ સાફ કરવામાં આવી રહી છે. સ્થાનિક તંત્રનું કહેવું છે કે, લગભગ ૧૭૦ લોકો ગુમ છે. જયારે ગઈકાલે ૧૨ લોકોને બચાવવામાં આવ્યા હતા, તે એક બીજી ટનલ હતી.

બીજી બાજુ, ચમોલી પાસે રૈની ગામમાં રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. અહીં ઋષિ ગંગા પ્રોજેક્ટને ભારે નુકસાન પહોંચ્યું છે. જયાં કેટલાક લોકો દટાયા હોવાની આશંકા છે.

### મોદી સરકારનો ટ્વિટરને આદેશ

## ટ્વીટરને ખેડૂત આંદોલન મામલે વધુ ૧૨૦૦ જેટલા એકાઉન્ટ હટાવવા હુકમ

ન્યુ દિલ્હી,તા.૮

ખેડૂત આંદલનની આડમાં ભારતમાં હિંસા અને અશાંતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે વિદેશથી સતત ટ્વિટ થઈ રહ્યા છે. જેની અંદર સેંકડો ટ્વિટ પાકિસ્તાની અને ખાલિસ્તાની સમર્થક ટ્વિટર હેન્ડલ પરથી કરવામાં આવી રહ્યા છે. ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલય દ્વારા ભારતની એકતા અને અખંડતા માટે જોખમી ૧૧૭૮ એકાઉન્ટની માહિતિ ટ્વિટરને સોંપી છે અને તેના ઉપર કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

સૌથી આશ્ચર્યજનક વાત તો એ છે કે ટ્વિટરના સીઈઓ જૈક ડોર્સી દ્વારા પણ આવા ટ્વિટને લાઈક કરવામાં આવી રહ્યા છે. મંત્રાલય દ્વારા આવા એકાઉન્ટની યાદી ચાર ફેબ્રુઆરીના દિવસે જ ટ્વિટરને સોંપી દેવામાં આવી છે. પરંતુ અત્યાર સુધી ટ્વિટર દ્વારા તેમના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ પહેલા ૩૧ જાન્યુઆરીના દિવસે પણ સરકારે ટ્વિટર ઉપરથી ૨૫૭ એકાઉન્ટને બ્લોક કરવા માટે કહ્યું હતું. જો કે તે સંબંધમાં પણ હજુ સુધી ટ્વિટરે કોઈ કાર્યવાહી કરી નથી. આ તમામ ૨૫૭ એકાઉન્ટ ફાર્મર જેનોસાઈડ હેશટેગ સાથે થયેલી ટવિટ સાથે જોડાયેલા છે. ટ્વિટર દ્વારા આવા હેન્ડલ પર કાર્યવાહી કરવાની જગ્યાએ તેને અભિવ્યક્તિની આઝાદી ગણાવી છે.

ટ્વિટરના આવા વર્તન સામે હવે સરકાર કાર્યનાહી કરવાનું વિચારી રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જો સરકારના આ નિર્દેશો ટ્વિટરને યોગ્ય નથી લાગતા તો કંપની સરકારને અદાલતમાં પડકારી શકે છે. પરંતુ ટ્વિટર તરફથી હજુ સુધી સરકારને અદાલતમાં કોઈ પડકાર આપ્યો નથી. સરકારે ટ્વિટરને જણાવ્યું છે કે સરકારે આઈટી એક્ટના સેક્શન ૬૯એ અંતર્ગત આ બધા નિર્દેશ કર્યા છે. કારણ કે ટ્વિટરના કારણે આંદોલનને લઈને ખોટી માહિતિનો પ્રસાર કરી રહ્યું છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૩૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૩૩૩૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૫૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૭૨૨૦**

## એમએસપી માટે કાયદો બનાવે સરકાર: રાકેશ ટિકૈત



ન્યુ દિલ્હી,તા.૮

રાજયસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડુતોને આંદોલન સમેટવાની અપીલ કરી છે. જેના પર ખેડૂત નેતા રાકેશ ટીકૈતનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, એમએસપી પર સરકાર કાયદો બનાવે, નાના ખેડૂતો જ પ્રદર્શન કરી રહ્યાં છે. ટિકૈતે કહ્યું કે, મેં એ માગ કરી છે કે, એમએસપી પર સરકાર કાયદો બનાવે. એમએસપી પર કાયદો બનશે તો દેશના ખેડૂતોને ફાયદો થશે. આ આંદોલનમાં નાના ખેડૂતો જ પ્રદર્શન કરી રહ્યાં છે.

સરકાર સાથેની વાતચીત પર તેમણે કહ્યું કે, જો તેઓ વાતચીત કરવા માંગે છે તો અમે તૈયાર છીએ પરંતુ અમારું પંચ પણ તે અને મંચ પણ તે જ રહેશે. રાકેશ ટીકૈતે કહ્યું કે, આ બીલોને પરત ખેંચી એમએસપી પર કાયદો બનાવવો જોઈએ. ટિકૈતે કહ્યું કે ભૂખ પર વેપાર ન થવો જોઈએ. એવા કરનારાઓને બહાર નીકાળી દેવા જોઈએ.

ટીકૈતે કહ્યું કે, દુધના મામલામાં પણ દેશની સ્થિતિ સારી નથી. આવું જ ચાલતું રહ્યું તો તૂર્કી જેવી સ્થિતિ થઈ જશે અને દુધ પણ બહારથી મંગાવવું પડશે. તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાન મોદીએ અપીલ કરવી જોઈએ કે દરેક સાંસદો પોતાની પેન્શન છોડે.

## તંત્રી સ્થાનેથી...

### ગ્લેશિયર-જળ તાંડવ:ચીન બોર્ડરને જોડતો લશ્કરી પુલને પણ તબાહ કર્યો.....!

દેશમાં એક પછી એક માનવસર્જિત કે કુદરતી આફતો આવતી રહી છે. જે પૈકી કોરોના મહામારીએ પણ તબાહી કરી પરંતુ હવે કોરોના ખતમ થવા તરફ જઈ રહ્યો છે. પડોશી દેશો ચીન અને પાકિસ્તાન રોજે રોજ નીત નવા ઉબાડીયા સરહદ પર કરતા રહે છે પરિણામે લશ્કરને પાકિસ્તાન અને ચીન સરહદો પર વધુ પ્રમાણમાં ગોઠવવું પડ્યું છે. પાકિસ્તાન કાશ્મીર સરહદે રોજેરોજ ગોળીબાર અને મોર્ટાર મારો તેમજ તોપમારો કરવા સાથે આતંકવાદીઓને ઘુસાડવા વિવિધ વિસ્તારોમાં ત્રાસવાદીઓ દ્વારા હુમલા કરાવી રહ્યુ છે... જ્યારે કે ચીન તક મળતા ભારતના વિસ્તારોમાં ઘુસી જઈ રાતોરાત બાંધકામો ઉભા કરીને તે વિસ્તાર પોતાના હોવાનો દાવો કરતું રહે છે. તે સાથે ભારત સરહદ પાસે મોટી સંખ્યામાં લશ્કર સાથે શસ્ત્ર-સરંજામ ખડકી દીધો છે. તેની સામે ભારતે પણ ભારતની સુરક્ષા કાજે મોટી સંખ્યામાં લશ્કર અને શસ્ત્ર સરંજામ ગોઠવી દેવા ફરજ પડે છે. આ બધી વિટંબણાઓ વચ્ચે માનવીય ભૂલોને કારણે ગ્લોબલ વોર્મિંગ અને ગ્લોબલ વોર્મિંગને કારણે ગ્લેશિયર તૂટી પડતા ભારતના ઉત્તરાખંડ વિસ્તારોને ભારેમાં ભારે નુકસાન થયું છે જેમાં અગત્યની બાબત એ છે કે ઋષિગંગા પાવર પ્રોજેકટને તબાહ કરનાર તોફાની પૂરે ચીનની બોર્ડર પર આપણા લશ્કરને પહોંચાડતા પુલને સંપૂર્ણ તબાહ કરી દીધો છે-

મતલબ પોતાની સાથે પૂલ ખેંચી જવા ઉપરાંત આજુબાજુના પલ્લારેણી સહિત ગામોમાં ભારે તબાહી મચાવી દીધી છે. જોકે દેશના કોઇપણ સમાચાર પત્રએ ચીનની બોર્ડરને જોડતો પુલ તબાહ થઈ ગયો છે તે બાબતનો ઉલ્લેખ નથી કર્યો જે આમ લોકોમાં આશ્ચર્યજનક બાબત બની રહી છે.....!

ભારત સહિત વિશ્વભરમાં ગ્લેશિયર તૂટવાના કે ઓગળવાના અનેક કારણો છે જેમાં અગત્યની બાબત એ છે કે વૈજ્ઞાનિકોની અવારનવાર ચેતવણી છતાં અનેક દેશો પૃથ્વીનું તાપમાન ઘટાડવા માટે કે ગ્બોબલ વોર્મિંગ અટકાવવા માટે જોઈતા જરૂરી પગલાં લેવા તરફ ધ્યાન આપતા નથી....! ખાસ તો પેટ્રોલિયમ અને કોલસા જેવા પરંપરાગત બળતણ વાપરવાનુ બંધ થવા, ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવા, જળ વાયુ પ્રદુષણ કરતા ઉધોગો વગેરે પર આકરા અંકુશ મૂકવો જરૂરી છે. પરંતુ વિકાસની સ્પર્ધામાં દરેક દેશો આ જરૂરી બાબતો પર ધ્યાન આપતા નથી જે વિશ્વને વિનાશ તરફ ધકેલી દેશે તે નિશ્ચિત છે.....! ઉત્તરાખંડમાં તેમજ હિમાલય વિસ્તારમાં બંધ ન બાંધવા પાવર પ્રોજેક્ટ ન કરવા વૈજ્ઞાનિકોની અનેક ચેતવણી છતાં પાવર પ્રોજેક્ટ ઉભો કરવા, બંધ બાંધવા વગેરે શરૂ કરી દીધા જેનું પરિણામે સામે આવ્યું છે...ગ્લેશિયર તૂટી પડ્યો અને ઉત્તરાખંડમાં મોટી તબાહી સર્જાઈ ગઈ. ધરતીના વધી રહેલા તાપમાનથી ગ્લેશિયરો ઓગળી રહ્યા છે તો ગ્લોબલ વોર્મિંગની પણ મોટી અસર થઈ છે અને બર્ફીલા વિસ્તારો- ગ્લેશિયરો ઓગળી રહ્યા છે જેને કારણે સમુદ્રની જળ સપાટી પણ વધતી જઈ રહી છે ત્યારે વિશ્વના દેશો ગ્લોબલ વોર્મિંગ અટકાવવા તરફ ક્યારે પગલાં ભરશે....? તે સવાલ શિક્ષિત વર્ગમા ખાસ ચર્ચાસ્પદ બની રહ્યો છે.....!!

### શેરબજારમાં સતત તેજીનો માહોલ

# સેન્સેક્સ પહેલી વખત રેકોર્ડ બ્રેક ૫૧,૩૦૦ના સ્તરે ક્લોઝ




### સેન્સેક્સ દિવસના અંતે ૬૧૭ પોઈન્ટના ઉછાળા સાથે ૫૧૩૪૮ની ઐતિહાસિક ટોંચે, નિફ્ટી ૧૯૧ અંકના વધારા સાથે ૧૫૧૧૫ના સ્તરે બંધ

મુંબઈ,તા.૮

ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ દિવસની શરૂઆત ધમાકેદાર રહી અને બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૧,૦૦૦ અને નિફ્ટી ૧૫,૦૦૦ની ઐતિહાસિક ઉંચી સપાટીની ઉપર પ્રથમવાર બંધ રહ્યા છે. આ સાથે ભારતીય શેરબજારમાં બજેટ બાદ શરૂ થયેલી તેજી સતત છઠ્ઠા દિવસે ચાલુ રહી હતી.

ભારતીય શેરબજારનો બેન્ચમાર્ક સેન્સેક્સ પાછલા બંધ ૫૦,૭૩૧ના બંધની સામે આજે સોમવારે ઉંચા ગેપમાં ૫૧૧૪૬ના સ્તરે ખૂલ્યો હતો જે તેનુ દિવસ દરમિયાનનું સૌથી નીચુ હતુ. આજ આખો દિવસ શેરબજારમાં તેજીનો માહોલ રહ્યો અને સેશન દરમિયાન ૫૧૫૨૩ની ઉંચી સપાટીને સ્પર્શ્યો હતો જે તેની અત્યાર સુધીની સૌથી ઉંચી ઈન્ટ્રા-ડે સપાટી છે. કામકાજના અંતે સેન્સેક્સ ૬૧૭ પોઈન્ટ ઉછળીને પ્રથમવાર ૫૧,૦૦૦ના માઈલસ્ટોનની ઉપર ૫૧,૩૪૮ની ઐતિહાસિક ઉંચાઈએ બંધ રહ્યો હતો. તો બેન્ચમાર્ક નિફ્ટી પણ ૧૫૦૬૪ના સ્તરે ખૂલ્યા બાદ ઉપરમાં ૧૫૦૪૧ની ઈન્ટ્રા-ડે ઓલટાઈમ હાઈ લેવલ બનાવી સેશનના અંતે ૧૯૧ પોઈન્ટની મજબૂતીમાં ૧૫૧૧૫ના સ્તરે બંધ થયો હતો. આમ આજે પણ શેરબજાર ઈન્ટ્રા-ડે અને ક્લોઝિંગની રીતે નવા ઉંચા શિખરે પહોંચ્યા હતા. બજેટ પછીની છ દિવસની તેજીમાં સેન્સેક્સ ૫૦૬૩ પોઈન્ટ ઉછળ્યો છે તો નિફ્ટી બેન્ચમાર્ક ૧૪૮૦ પોઈન્ટ વધ્યો છે.

સેન્સેક્સના ૩૦માંથી ૨૪ બ્લુચિપ સ્ટોક વધ્યા હતા. જેમાં મહિન્દ્રા-મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, ભારતી એટેલ, પાવરગ્રીડ અને ઈન્ફોસિસનો શેર અઢી ટકાથી સવા સાત ટકા વધ્યા હતા. તો બીજી બાજુ ઘટાડે રહેનાર શેર સનફાર્મા, બજાજ ઓટો, આઈટીસી, બજાજ ફિનસર્વ, કોટક બેક્ર અને હિન્દુસ્તાન યુનિલિવરના શેર સાધારણથી દોઢ ટકા ઘટ્યા હતા. આજે સેન્સેક્સની તેજીમાં સૌથી વધુ યોગદાન ઈન્ફોસિસનું ૧૦૭ પોઈન્ટ, આઈસીઆઈસીઆઈ બેક્રનું ૯૪ પોઈન્ટ, રિલાયન્સનું ૮૧ અને ટીસીએસનું ૫૪ પોઈન્ટ હતુ. તો નિફ્ટીના ૫૦માંથી ૪૦ બ્લુચિપ સ્ટોક વધ્યા હતા. બજેટ બાદ શરૂ થયેલી તેજીના છઠ્ઠા દિવસે ભારતીય શેરબજારમાં સાર્વત્રિક સુધારાનો માહોલ હતો. બોર્ડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ દોઢ-દોઢ ટકા વધ્યા હતા. તો સેક્ટોરિયલ ઈન્ડાઈસિસમાં એફએમસીજીની નામ માત્ર અડધા ટકા ઘટાડાને બાદ કરતા તમામ ઈન્ડેક્સ વધ્યા હતા. જેમાં ટેક ઈન્ડેક્સ ૨.૧ ટકા, મેટલ અને ઓટો ઈન્ડેક્સ ૩ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટુલ ગુડ્સ અને રિયલ્ટી ૨ ટકા જેટલા વધ્યા હતા. બેક્કિંગ સેક્ટરમાં આજે નરમાઈના માહોલ હતો. એનએસઈ ખાતે પીએસયુ બેક્ર નિફ્ટી ઈન્ડેક્સ ૨૩ પોઈન્ટ ઘટીને ૨૨૫૪ બંધ હતો અને તના ૧૨માંથી ૬ સ્ટોક ડાઉન હતા. બેક્ર નિફ્ટી ઈન્ડેક્સ ૩૨૯ પોઈન્ટની મજબૂતીમાં ૩૫૯૮૩ બંધ હતો.

શેરબજારમાં તેજીથી લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂલ્ય સતત વધી રહ્યુ છે. આજે સોમવારે બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓનું કુલ બજાર મૂલ્ય ૨.૪૯ લાખ કરોડ રૂપિયા વધીને ૨૦૨.૮૨ લાખ કરોડ રૂપિયા થયુ હતુ. જે ગત શુક્રવારે ૨૦૦.૩૩ લાખ કરોડ રૂપિયા હતુ. આ સાથે વિતેલા છ દિવસમાં શેરબજારમાં કામકાજ કરતા રોકાણકારોની સંપત્તિમાં સાડા ૧૬ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થયો છે.

### રાહુલ ગાંધીના મોદી સરકાર પર પ્રહાર

## ના જવાન, ના કિસાન, મોદી સરકાર માટે ૩-૪ ઉદ્યોગપતિ મિત્ર જ ભગવાન

ન્યુ દિલ્હી,તા.૮

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સતત ટ્વીટરન માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકાર પર હુમલો કરતા રહે છે. તાજેતરમાં ફરી એક વખત તેમણે ટ્વીટરના માધ્યમથી બજેટ મામલે મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, 'બજેટમાં સૈનિકોના પેન્શન પર કાપ, ના જવાન, ના કિસાન, મોદી સરકાર માટે ૩-૪ ઉદ્યોગપતિ મિત્ર જ ભગવાન!'

અગાઉ પણ રાહુલ ગાંધીએ ટ્વીટમાં વડાપ્રધાન મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમના પર નિશાન સાધ્યું હતું અને તેમની તુલના તાનાશાહો સાથે કરી હતી. તેમણે ટ્વીટમાં સવાલ કર્યો હતો કે, આખરે શા માટે ઘણા બધા તાનાશાહોના નામ 'એમ'થી ચાલુ થાય છે. આ સાથે જ તેમણે કેટલાક પ્રમુખ તાનાશાહોના નામ પણ લખ્યા હતા જેમાં માર્કોસ, મુસોલિની, મિલોસેવી, મુબારક, મોબુતુ, મુશર્રફ, માઈકોમ્બરોનો સમાવેશ થાય છે. આ અંગે ભાજપે ખૂબ જ આકરી પ્રતિક્રિયા આપી હતી અને મોતીલાલ નેહરૂનું નામ પણ એમથી શરૂ થાય છે તે ભૂલી ગયા એવો કટાક્ષ કર્યો હતો.

### ૫ વર્ષ પહેલા કરી હતી કોરોનાની ભવિષ્યવાણી

## આગામી દિવસોમાં વધુ એક વાયરસ દુનિયામાં તબાહી મચાવશે: બિલ ગેટ્સની ચેતવણી

ન્યૂયોર્ક,તા.૮

માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સે સમગ્ર વિશ્વને વધુ બે આપત્તિ માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે. તેમના કહેવા પ્રમાણે આગામી સમયમાં જળવાયુ પરિવર્તન અને જૈવ આતંકવાદના કારણે સમગ્ર વિશ્વમાં લાખો લોકોના મોત થઈ શકે છે. એક યુટ્યુબ કાર્યક્રમમાં તેમણે આ પ્રકારની ચેતવણી ઉચ્ચારી હતી. બિલ ગેટ્સે ૫ વર્ષ પહેલા કોરોના જેવી મહામારીને લઈ સમગ્ર વિશ્વને ચેતવણી આપી હતી. તે સમયે તેમણે કહ્યું હતું કે, 'આગામી દિવસોમાં એક એવો વાયરસ આવશે જેના ભયથી લોકો બજાર જતા પણ ડરશે. ઉપરાંત લોકો ફ્લાઈટ પર ચડવામાં પણ ડરશે.'

બિલ ગેટ્સે જણાવ્યું કે, 'આગામી વર્ષોમાં કોઈ મહામારીની સરખામણીએ દર વર્ષે જળવાયુ પરિવર્તનના કારણે વધારે લોકોના મોત થશે. ઉપરાંત વિશ્વ પર જૈવ આતંકવાદ એટલે કે બાયો ટેરરિઝમનું જોખમ પણ મંડરાઈ રહ્યું છે. વિશ્વમાં તબાહી લાવવા કોઈ પણ વાયરસ બનાવી શકે છે. વર્તમાન કોરોના વાયરસની સરખામણીએ આ બે વસ્તુઓ વિશ્વમાં ભારે તબાહી મચાવી શકે છે.'

કાર્યક્રમમાં બિલ ગેટ્સે એવું પણ કહ્યું કે, વિશ્વમાં કોઈ મહામારીને રોકી ન શકાય પરંતુ તેનો સામનો કરવા માટે આપણે તૈયારી કરવી પડશે. શ્વાસ સાથે સંકળાયેલા વાયરસ ખૂબ જ ખતરનાક હોય છે. થોડા થોડા સમય બાદ તે મનુષ્યોમાં ફેલાતા રહે છે. ઘણી વખત તેનાથી સંક્રમિત થયા છતા ખબર નથી પડતી પરંતુ ઈબોલા જેવા સંક્રમણથી વ્યક્તિ એટલી હદે બીમાર થઈ જાય છે કે તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડે છે. માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સે થોડા દિવસો પહેલા વેરિટેસિયમ નામની યુટ્યુબ ચેનલ ચલાવનારા ડેરેક મૂલર સાથે વાતચીત કરી હતી અને પોતે પોતાની ભવિષ્યવાણી અંગે સારૂ નથી અનુભવતા તેમ કહ્યું હતું. બિલ ગેટ્સે ૫ વર્ષ પહેલા જ કોરોના અંગે ભવિષ્યવાણી કરી હતી.

### ૨૦૨૧માં એર ઈન્ડિયાની ખોટ રૂ.૧૦,૦૦૦-કરોડ થવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૮

કેન્દ્ર સરકાર હસ્તકની રાષ્ટ્રીય એરલાઈન એર ઈન્ડિયા વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૧માં રૂ. ૧૦ હજાર કરોડની ખોટ નોંધાવે એવી સંભાવના છે. જો તેમ થશે તો એના ડિસઈન્વેસ્ટમેન્ટની યોજનાને ગંભીર ફટકો પડી શકે છે, કારણ કે આ સંભવિત ખોટને કારણે એનું વેલ્યૂએશન ઘટી જશે. ઈકોનોમિક ટાઈમ્સ અખબારે એક નામવિહોણા સિનિયર સરકારી અધિકારીને એમ કહેતા ટાંક્યા છે કે એર ઈન્ડિયા આ વર્ષમાં જે ખોટ કરશે એમાં રૂ. ૮૦૦૦ કરોડ કેશ લોસ હશે જયારે બાકીની રકમ ડેપ્રીસિએશન સ્વરૂપની હશે.

૨૦૦૭માં ઈન્ડિયન એરલાઈન્સનું એર ઈન્ડિયામાં વિલિનીકરણ કરાયું ત્યાર પછી તેની ખોટ સૌથી ઊંચી હશે. આનું કારણ કોરોના વાઈરસ રોગચાળો છે, કારણ કે એના ઉપદ્રવને કારણે પ્રવાસ-પર્યટન પર નિયંત્રણો લાગુ કરવાની ફરજ પડતાં દુનિયાભરમાં તમામ એરલાઈન્સની આવકને ફટકો પડ્યો છે.

### સમર્થનમાં ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશને દેશવ્યાપી ચક્કાજામ એલાન કર્યું

## GSTના વિરોધમાં CAITએ ૨૬મી ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું

ન્યુ દિલ્હી,તા.૮

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા-સીએઆઈટીએ જીએસટી વિરુદ્ધ ૨૬મી ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે. સીએઆઈટીના ભારત બંધને સમર્થન આપતા ટ્રાન્સપોર્ટ સેક્ટરના સૌથી મોટા સંગઠન ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશને પણ ૨૬ ફેબ્રુઆરીએ દેશભરમાં ચક્કાજામ કરવાનું એલાન કરી દીધુ છે.

નાગપુરમાં સીએઆઈટીના આજથી શરુ થયેલા ત્રણ દિવસના રાષ્ટ્રીય વ્યાપાર સંમેલનમાં આ એલાન કરવામાં આવ્યું હતું, આ એલાન સીએઆઈટીના રાષ્ટ્રીય પ્રમુખ બીસી ભરતિયા અને રાષ્ટ્રીય મહામંત્રી પ્રવીણ ખંડેલવાલ સહિત ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન પ્રમુખ પ્રદીપ સિંઘલે સંયુક્ત રીતે કર્યું હતું. આ સંમેલનમાં દેશના તમામ રાજ્યોના ૨૦૦થી વધુ મુખ્ય વ્યાપારી નેતાઓએ હિસ્સો લઇ રહ્યા છે.

સંમેલન દરમિયાન સંસ્થાએ જીએસટી કાઉન્સિલ દ્વારા જીએસટીના માળખાને પોતાના ફાયદા માટે તૈયાર કર્યું હોવાના આરોપ લગાવ્યા હતા. સીએઆઈટીનું કહેવુ હતું કે જીએસટી સંપૂર્ણ રીતે નિષ્ફળ ટેક્સ સિસ્ટમ છે. તેના મૂળ માળખા સાથે છેડછાડ કરવામાં આવી હતી. સંસ્થા મુજબ રાજ્ય સરકારો તેના સ્વાર્થના લીધે ટેક્સ સિસ્ટમને સરળ બનાવવામાં રસ દાખવી નથી રહી. દેશના વ્યાપારીઓ ધંધો કરવાને બદલે આખો દિવસ જીએસટીના ચક્કરમાં વ્યસ્ત રહે છે.

સીએઆઈટીના રાષ્ટ્રીય પ્રમુખ મુજબ જીએસટીની માથાકૂટ દેશની અર્થવ્યવસ્થા માટે પ્રતિકૂળ પરિસ્થિત છે. એવામાં જીએસટીના વર્તમાન માળખા પર નવેસરથી વિચારવાની જરુર છે. ચાર વર્ષમાં આશરે ૯૩૭થી વધુ વાર સુધારા કર્યા પછી જીએસટીનુ મૂળ માળખું બદલાઇ ગયુ છે. તેમના મુજબ વારંવાર કહેવા છતાં પણ જીએસટી કાઉન્સિલ એ કૈટની ભલામણોની અવગણના કરી છે અને વ્યાપારીઓએ પોતાનો અવાજ સંભાળવવા માટે ભારત વ્યાપાર બંધનો સહોર લવો પડે છે.

### નાણાંપ્રધાન જેનેટ યેલેનનું નિવેદન

## રાહત પેકેજનું સંપૂર્ણ અમલીકરણ થયું તો અમેરિકામાં સંપૂર્ણ રોજગાર પૂર્વવત્ થશે

વોશિંગ્ટન,તા.૮

અમેરિકી પ્રમુખ જો બાઈડનના ૧૯૦૦ અબજ ડોલરનું રાહત પેકેજનું સંપૂર્ણ અમલીકરણ થયું તો વર્ષ ૨૦૨૨માં સંપૂર્ણ રોજગાર પેદા કરશે, એમ ટ્રેઝરી સચિવ જેનેટ યેલેને કહ્યું હતું. લાંબા સમય સુધી આપણે કેમ સહન કરી રહ્યા છીએ, કેમ કે રિકવરી થઈ રહી છે. જો પેકેજ પાસ થઈ જશે તો આવતા વર્ષ સુધી સંપૂર્ણ રોજગાર પેદા થશે. યુએસ અનએમ્પ્લોયમેન્ટનો દર અનેક વર્ષ સુધી સ્થિર રહેશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં બેરોજગાર દર ઘટીને ચાર ટકાએ ફરી વાર આવી જશે, એમ તેમણે કહ્યું હતું. ડિસેમ્બર, ૨૦૨૦માં ૨,૨૭,૦૦૦ નોકરીઓ ઘટ્યા પછી અમેરિકન કંપનીઓએ જાન્યુઆરીમાં ૪૯,૦૦૦ નોકરીઓ ઊભી કરી હતી, એમ લેબર ડિપાર્ટમેન્ટે રિપોર્ટમાં કહ્યું હતું. જાન્યુઆરીમાં બેરોજગાર દર ૦૪ ટકા ઘટીને ૬.૩ ટકા આવી ગયો છે, જે કોરોના રોગચાળા પહેલાં ફેબ્રુઆરી, ૨૦૨૦માં ૩.૫ ટકાના સ્તરે હતો. કોવિડ-૧૯ના ૧.૯ અબજ ડોલરના રાહત પેકેજ-અમેરિકન રેસ્ક્યુ પ્લાનને લીધે સંભવિત ફુગાવો વધવાનું જોખમ છે, એમ યેલને કહ્યું હતું. મારા પુરોગામીઓએ સંકેત આપતાં કહ્યું હતું કે આને લીધે ફુગાવો વધશે. મેં ફુગાવા પર અભ્યાસ કરવામાં ઘણાં વર્ષો કર્યો છે, એમ તેમણે કહ્યું હતું. કોંગ્રેસનાં બંને સસદે પાંચ જાન્યુઆઈએ ડેમોક્રેટ્સે બાઈડનના રાહત પેકેજને રિપબ્લિકનોના ટેકા વગર પસાર કર્યું હતું.

કોરોના ટેસ્ટિંગ અને રસીના વિતરણ માટેનું ૧.૯ અબજ ડોલરનું રાહત પેકેજ સહિત ૪૦૦ અબજ ડોલરનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેમાંથી ઘરેલુ અને ૪૦૦ અબજ ડોલર કરતાં વધુના નાના અને વેપારી સમુદાયને રાહત આપવામાં માટે એક અબજ ડોલરનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

### ઉત્તરાખંડ હોનારત બાદ જમ્મુ-કાશ્મીરમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપ

શ્રીનગર,તા.૮

જમ્મુ કાશ્મીરમાં સોમવારે સવારે આશરે ૪:૫૬ કલાકે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. તે સમયે બધા લોકો ઘરમાં મીઠી નિંદ્રા માણી રહ્યા હતા જેથી તેમને ધરતીકંપનો અણસાર નહોતો આવ્યો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૫ નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ભૂકંપની પૃષ્ટિ કરી હતી અને તેની તીવ્રતા ઓછી હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીરમાં ગત મહિને પણ ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. ગત મહિને પણ ભૂકંપના કારણે કાશ્મીર ઘાટીમાં બે વખત ધરતી ધણધણી ઉઠી હતી. થોડા દિવસો પહેલા જાન્યુઆરી મહિના દરમિયાન જમ્મુ કાશ્મીરમાં બે વખત ભૂકંપ આવ્યો હતો અને તે સમયે ડોડા જિલ્લાના ગંદોહ ખાતે જમીનની સપાટીથી ૧૦ કિમી નીચે ભૂકંપનું કેન્દ્ર નોંધાયું હતું. ગત મહિને ૧૧ તારીખના રોજ ધરતીકંપ આવ્યો તેની તીવ્રતા ખૂબ જ વધારે હતી. તે સમયે ૫.૧ની તીવ્રતાના ભૂકંપના કારણે થોડા સમય માટે અફરા-તફરી મચી ગઈ હતી અને લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા.

### ભારત પ્રથમ ઈનિંગ્સમાં ૩૩૭ રનમાં ઓલઆઉટ, સુંદરે અણનમ ૮૫ રન ફટકાર્યા

## ચેન્નાઈ ટેસ્ટ: ભારતને જીતવા ૩૮૧ તો ઈંગ્લેન્ડને જીતવા નવ વિકેટની જરૂર

ચેન્નાઈ,તા.૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેના પ્રથમ ટેસ્ટની બીજી ઈનિંગમાં ઈંગ્લેન્ડે ૧૭૮ રન પર જ સમેટાઈ ગઈ. જેથી હવે ભારતને ૪૨૦ રનનો ટાર્ગેટ મળ્યો છે. પ્રથમ દાવના આધારે ઈંગ્લેન્ડે ૨૪૧ રનની લીડ મેળવી હતી. ઈંગ્લેન્ડ તરફથી કેપ્ટન જો રૂટે ૪૦ જ્યારે ઓલી પોપે ૨૮ રન બનાવ્યા હતા. ભારત તરફથી રવિચંદ્રન અશ્વિને છ વિકેટ ઝડપી હતી.



ભારતે ઈંગ્લેન્ડ સામે ચાર ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ચેન્નાઈ ખાતે ૪૨૦ રનનો પીછો કરતાં ૧ વિકેટે ૩૪ રન કર્યા છે. ચેતેશ્વર પૂજારા અને શુભમન ગિલ ક્રિઝ પર ઊભા છે. રોહિત શર્મા ૧૨ રને જેક લીચની બોલિંગમાં બોલ્ડ થયો.

ઈંગ્લેન્ડ ભારત સામે પ્રથમ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં ચેન્નાઈ ખાતે ૧૭૮ રન પર ઓલઆઉટ થયું છે. ઈંગ્લેન્ડને પહેલી ઈનિંગમાં ૨૪૧ રનની લીડ મળી હતી અને હવે વધુ ૧૭૮ રન જોડાતા તેમણે ભારતને ૪૨૦ રનનો ટાર્ગેટ આપ્યો છે. ભારત માટે રવિચંદ્રન અશ્વિને ૬, શાહબાઝ નદીમે ૨, જ્યારે જસપ્રીત બુમરાહ અને ઈશાંત શર્માએ ૧-૧ વિકેટ લીધી છે.

જણાવી દઈએ કે, ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને ૫૭૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ પછી ભારત પ્રથમ ઈનિંગ્સમાં ૩૩૭ રન બનાવી શકી હતી. અશ્વિનની ૬ વિકેટને કારણે ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સ ૧૭૮ રન પર જ સમેટાઈ ગઈ અને ભારતને ચોથા દિવસે જીતવા માટે ૪૨૦ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. અશ્વિને ૧૭.૩ ઓવરમાં ૬૧ રન આપી ૬ વિકેટ ઝડપી હતી. તેણે પ્રથમ ઈનિંગ્સમાં ૩ વિકેટ પણ લીધી હતી.

## છ દિવસમાં સોનાની કિંમતમાં એકતરફી રૂપિયા ૯૦૦૦નો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૮

સોના-ચાંદીની કિંમત રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા પછી ભારતીય માર્કેટોમાં સતત નીચી સપાટીએ પહોંચીએ છે. છેલ્લાં છ સેશનોમાં પાંચ સેશનમાં સોનાની કિંમતમાં ઘટાડો થયો છે. એમસીએક્સમાં છઠ્ઠા સેશનમાં ગોલ્ડ ફ્યુચર પ્રતિ ૧૦ ગ્રામદીઠ ૦.૧૨ ટકા ઘટીને ? ૪૭,૨૦૦ થયા હતા, જ્યારે સિલ્વર ફ્યુચર પ્રતિ કિલોએ ૦.૨ ટકા ઘટીને ? ૬૮,૫૯૩ થયા હતા. જોકે છેલ્લા સેશનમાં સોનામાં ૧.૨ ટકાનો અને ચાંદીમાં ૨.૮ ટકાનો વધારો થયો હતો. ગયા વર્ષે ઓગસ્ટમાં સોનાની કિમત ? ૫૬,૨૦૦ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી હતી. જ્યાંથી પ્રતિ ગ્રામદીઠ ? ૯૦૦૦ સસ્તું થઈ ચૂક્યું છે.

ગ્લોબલ માર્કેટ્સમાં સોનાની કિંમત પ્રતિ ઔંસ ૧૮૧૧.૮૦ ડોલર હતી. એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ફ્યુચર તેજીમાં હતો, જ્યારે એશિયન માર્કેટમાં મજબૂતાઈ હતી. બજેટમાં આયાત ડ્યૂટીમાં કાપ મૂક્યો હતો. જેથી સ્થાનિક બજારમાં સોનાની કિંમત ઘટી હતી, જ્યારે ડોલર ઈન્ડેક્સમાં વધારો થતાં આંતરરાષ્ટ્રીય સોનાની કિંમત ઘટી હતી. આજે પણ વૈશ્વિક માર્કેટમાં સોનાની આયાત ફરીથી સ્થિર રહી હતી. ઈક્વિટીમાં વધારો થતાં સોનાની કિંમત પ્રતિ ઔંસ ૧૮૧૧.૮૦ ડોલર હતી.

અમેરિકાની બાઈડન સરકારે રાહત પેકેજ જાહેર કરતાં વિશ્લેષકોએ એસેટની કિંમતો અને ફુગાવો વધવાની દહેશત વ્યક્ત કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે સોનાની કિંમતો નીચા સ્તરે પહોંચશે. ફુગાવા સામે સોનામાં અને કરન્સીના ઘટાડા માટે હેજિંગ થયું હોવાનું માનવામાં આવે છે.

# મરણ પછી થતી વીધીઓ

મિત્રો આપણા હિન્દુ ધર્મ મા હજારો તહેવારો , વ્રતો , ક્રિયા ઓ કર્મો કાંડો , ઉપવાસ , એકટાણા , થઈ રહયા છે ,, સમાજ ની રૂઢ પ્રમાણે આપણે ઘણુબધુ કરીએ છીએ

પણ. એ બધાની પાછળ નો સાચો ભાવાર્થ સાવ ખોવાઈ ગયો છે ,,,

મતલબ કે આપણે સામાન્ય ઉપવાસ કરીએ છીએ તોય એક ટાઈમ ભુખ્યા રહેવાનુ ને બીજા ટાઈમે પેટ ભરીને દાબવાનુ ,,, એ પણ હવેતો કેવુ બધુ આવી ગયુ છે ,,, ફરાળી રોટલી , ફરાળી ગોટા , ફરાળી સમોસા ,,,

જે ખાવુ હોય તે ફરાળી ,

અરે ભાઈ. આ કોઈ ઉપવાસ નથી ઉપવાસ નો આર્થ આપણા પુરાણો મા આપ્યો છે , સાચો ઉપવાસ કોને કહેવાય , પણ મિત્રો આપણે. એ વાત પછી કરીશુ ,,,, પણ આજ મારે વાત કરવી છે , મરણ પછી ની થતી. ગલત વિધી ઓ ની

હા મિત્રો. માણસ ના મૃત્યુ પછી જે જૈ વિધીઓ થાય છે , એ પુરી રીતે ગલત રીતે થાય છે ,,,

પણ એની પાછળ નુ કારણ કે લોકો પાસે સાચી માહીતી નથી ,,,જ્ઞાન નથી

કારણકે. આપણે ને એ જ્ઞાન આપનારા સાચા સંતો હવે રહયા નથી પહેલા ના જમાનામાં. સંતો. શાસ્ત્રો ની ચર્ચા કરી લોકો ને સાચુ જ્ઞાન આપતા ,,,પણ હવે એવુ રહયુ નથી

પણ અમરકથા ,,, ના માધ્યમ થી અમે આપના સુધી શાસ્ત્રો નુ જ્ઞાન , જીવન જીવવા ની સાચી સમજ લાવવા માગીએ છીએ ,,,,

એટલે આજ આ કોલમ શરૂ કરૂ શુ ,,, આવો જાણીએ ,,,

મિત્રો આવો જાણીએ , કે મરણ પછીની. થતી વિધી ની સાચી રીત શુ છે ,, એની પાછળ નુ કારણ શુ છે ,,, અને આપણે કયા કયા કંઈ ભુલો કરીએ છીએ

(૧) પ્રથમ તો માણસ નુ મૃત્યુ થાય ત્યારે , એની બોડી ને જમીન પર સુવડાવતા પહેલા , ગાયના છાણ નુ લીપણ કરવામાં આવે છે , શ્રાદ્ધ સુતક , અંને પંચમ શ્રૃતિ મા જણાવ્યા પ્રમાણે. બોડી ની આસપાસ બે બૈ ગજ એટલે કે ચાર ચાર ફુટ સુધી લીપણ કરવુ જોઈએ કારણકે. મૃત્યુ પછી બોડીમાં થી હજારો પ્રકારના સુક્ષ્મ જીવાણુઓ. બહાર નીકળે છે ,, ગાયના છાણ ના લીપણ કરવાથી એ ફેલાતા અટકે છે ,,,

પણ હવે તો. ગાયના છાણનૂ એક લીટુ માત્ર કરવામાં આવે છે ,,, એ પણ એવુ બોલી ને શાશતર. પ્રમાણે કરવુ જોઈએ ,,,

(૨) બીજૂ. મૃત શરીર ને પુરુષ હોય તો ઉતર દિશામાં માથુ રાખી , અનુસાર સ્ત્રી હોય તો દક્ષિણ દિશામાં માથુ રાખીને સુવડાવવા મા આવે છે

આવુ કરવા પાછળ નુ કારણ એ છે કે સ્ત્રી નૈ દક્ષિણ માથી અને પુરુષ ને ઉતર દિશામાં થી કેશાકર્ષણ વધારે થાય છે ,, એટલે એની બોડી. ગંધાયા વગર લાંબો સમય સુરક્ષિત રહી શકે ,,,

પણ આ ક્રિયા અત્યારે. કરવા ખાતર થાય છે , આની પાછળ નુ કારણ કોઈને ખબર નથી ,,,

૩) ત્રીજું મૃત માણસ ના મુખમાં જીભ ઉપર તાંબા નો સિકકો મુકવામાં આવે છે ,,, એનો અર્થ એ છે કે. મૃત મ:ણસ નો જીવ જો હજુ બ્રહ્માંડ મા એટલે કરે તાળવે હોય તો એ જીભ પર તાંબા નો સ્પર્શ થતા. પાછો આવે છે ને મૃત માણસ જીવતો થાય છે ,,,,

પણ હવેતો. શુકન પુરતો કે વીધી પુરી કરવા પુરતો સ્ટીલ નો કોઈપણ સીકકો જીભ પર મુકી દેવામા આવે છે ,,,,

મિત્રો આગળ હજુ આવુ ઘણુ બધુ છે ,જે આપણે બીજઃ ભાગમાં જોઈશુ ,,,

હાલ આ લેખ તમને કેવો લાગ્યો એ કોમેન્ટ કરી જણ:વશો ,જેથી બીજા આવા ધણાબધા લેખો તૈયાર કરવા નુ મને બળ મળે ,,,,

મરણ પછી થતી વીધીઓ ભાગ - ૨

મિત્રો , આવો જાણીએ. આગળ ભાગમાં આપણે જોયુ કે , માણસ ના મૃત્યુ પછી થતી વીધી મા આપણે શુ ખોટુ કરી રહયા છીએ ,,, બલકે. સાચી વીધી શુ છે ,,,

એ જે વીધી ઓ થઈ રહી છે એની પાછળ નુ તાત્પર્ય શુ છે ,,,,

તો મિત્રો આવો આપણે બીજા ભાગમાં જાણીએ. કે. , આગળ બીજી શુ શુ. વીધી થાય છે ,,,, એની પાછળ નો સાચો. ભાવાર્થ. શુ છૈ. ને. આપણે. પુરૂ જ્ઞાન. ન હોવાને કારણે. કયા. શુ ભુલ કરીએ છીએ ,,,,

૪) મૃત વ્યક્તિ ના મુખમાં તુલસી પત્ર મુકવામાં આવે ,,,

જોકૈ. આજેતો. એ વીધી. કરવા ખાતર જ કરવામાં આવે છે ,,, પણ એની પાછળ નુ સાચુ કારણ કોઈને ખબર નથી

સાચુ કારણ એ છૈ. કે. મૃત્યુ પામનાર વ્યક્તિ. જો ગંભીર બિમારી થી મૃત્યુ પામ્યો હોય તો. મૃત્યુ પછી એના શરીર માથી. ઝેરી. સુક્ષમ. જીવાણુઓ. નીકળવા. લાગે છે ,, જે આસપાસ બેઠેલા લોકો નૈ હાની પહોચાડી શકે છૈ ,,,

તુલસી પત્ર જીભ ઉપર મુકતા એ પત્ર સહેજ કાળુ પડી જાય છે ,,,

જો કાળુ પડી જાય તો સમજવાનુ કે મૃત શરીરમાં થી ઝેરી સુક્ષમ જીવાણુઓ બહાર નીકળી રહયા છે ,,

એવા સચજોગો મા લોકો એ બોડી થી દુર ખસી જવું જોઈએ

૫) મૃત. વ્યક્તિ ના અંતિમ દર્શન કરી. એની અડધી પ્રદિક્ષણા ફરવામા. આવે ,,, આપણે તો અત્યારે. મન ફાવે એટલી પ્રદિક્ષણા ફરૈ છે , હકીકતમાં અડધીજ પ્રદિક્ષણા ફરવા નુ સુચન છે આપણા શાસ્ત્રો મા ,,,,અને એ પ્રદિક્ષણા. ફકત એના પુત્ર પુત્રી. અથવા મૃત વ્યક્તિ ની પત્ની જ ફરી શકૈ છૈ ,,

ડાબા પગથી શરુ કરી જમણા પગ સુધી. પ્રદિક્ષણા ફરી. પછી ,જમણા પગના અંગુઠા ને સ્પર્શ. કરવાનો ઉલ્લેખ. જોવા મળેછે , શાસ્ત્રો મા ,,,

પણ આપણે અંહી બધુ ઉલટુજ થઈ રહયુ છે ,,,

૬) મૃત વ્યક્તિ ની નનામી જયારે નીકળે છે , ત્યારે. એનો ગામની ભાગોળે. વિસામો આપવામાં આવે છીએ ,,, જોકૈ શહેરોમાં આવુ નથી જોવા મળતુ ,,,

પણ ગામડાઓ મા આજે પણ. નનામી ને ગામની ભાગોળૈ. નીચૈ ઉતારી નૈ ઐનૈ વિસામો આપવામાં આવે છે ,,,

મહર્ષિ કણાદ રૂષી. શ્રુસુત ને કહે છૈ , વત્સ. મડદા ઉપર બેઠેલો જીવ. છેલ્લી વાર. ઐની ગામની ભાગોળ ના દર્શન કરે છૈ ,,,

પછી. નનામી સાથે લાવેલા ચાર શ્રીફળ. ભાગેળે. એક પથ્થર પર ફોડવામાં. આવે છે. ,,,,

આ શ્રીફળ શુકામ ફોડવામાં આવે છીએ ,,, અને ચાર શ્રીફળ જ કેમ ફોડવામાં આવે છે ,,એ કોઈને હજુ સુધી નથી ખબર.

પણ ખુબ મહેનત કર્યા પછી જાણવા મળયુ છીએ કે ,,,નનામી ઉપાડનાર. ચાર ડાધુઓ. પર. એ મૃત જીવાત્મા ,,,જે. ઐ સમયે. નનામી પર ,, લાશ ઉપર બેઠો હોય છૈ ,,, એ જીવ. ચાર ડાધુઓ ને નુકશાન ન પહોચાડે ,,, એટલા માટે. જીવ ને ભોગ રૂપે. ચાર શ્રીફળ. ધરવામાં આવે છે ,,,,

કારણકે. જીવ ને શરીર છોડવુ ગમતુ નથી હોતુ ,,એ ફરી શરીર ને પામવા મથે છે ,,, ઐ કોશિશ મા જીવ ચાર ડાધુઓ ને નુકશાન પહોચાડી શકે છે

માટે એને ચાર. શ્રીફળ નો ભોગ આપવામાં આવે છૈ ,,,જૈથી એ જીવ કોઈને નુકશાન ન પહોચાડી શકે ,,,

૭ ) મૃત. શરીર. ને ચિંતા પર સુવડાવી નૈ. અગ્નિ દાહ આપનારો એનો પુત્ર કે. કોઈ સ્વજન. કાંધ પર મટકી લઈને. ઉલટી પ્રદિક્ષણા ફરે છે ,,,

ઉલટી પ્રદિક્ષણા ફરવાનુ કારણ શુ હશૈ ,,,

તો કારણ એ છે કે. શરીર છોડયા બાદ. જીવ. ઉલટી દિશામાં ભ્રમણ કરે છે ,, મનુષ્ય ની જેમ સવળી ચાર નથી ચાલતો ,,એટલે. મટકી ફોડી એમાથી પાણીની ધાર નીચે પડૈ ઐ રીતે. ઊલટી દિશામાં ચાલવા મા આવે છો , જૈથી. જીવ નૈ જળની. અંતિમ અંજલી. આપવામાં આવે છે ,,,

૮) મૃત શરીર ને જમણા પગના અંગુઠે અંગ્ની. અંડાડવામા. આવે છે ,,

હા મિત્રો. મૃત શરીર ના જમણા પગે પહેલો. અગ્નિ સ્પર્શ કરવામાં. આવે છે

એનુ કારણ શું છીએ કે. જો મૃત શરીરમાં. હજુ બ્રહમાંડ મા. જીવ હોય તો. જમણા પગના અંગુઠે. અગ્નિ સપર્સ. કરતાની સાથેજ શરીર મા જીવ પાછો આવી શકે છો ,,, મૃત વ્યક્તિ ને બેઠો કરવાનો આ અંતિમ. પ્રયાસ છે ,,

અગર મૃત શરીર મા જીવ પાછો નથી આવતાં. , તો પછી એને. બાળી દેવામાં આવે છે ,,,

મિત્રો. બીજા ભાગમાં. આપણી. સમશાન સુધી ની વિધી વિશે જાણ્યુ ,, પણ હજુ. પાછળ. ધણુબધુ જાણવા જેવુ છે ,, જે આપણે. આવતા. ત્રીજા ભાગમાં જોઈશુ ,,,

હાલ અંહી પ્રસ્તુત. બીજો ભાગ આપને કેવો લાગ્યો. એ વિશે કોમેન્ટ મા આપનો પ્રતિભાવ આપવા વિનંતી

ક્રમશ

ઓમ નમો ભગવતે વાસુદેવાય

શ્રી દીલીપ જોશી,

બ્રાહ્મણ શાસ્ત્રાર્થ ગ્રુપ

# જીવન જીવવાની જડીબુટ્ટી

તંદુરસ્ત જીવન ની જડીબુટ્ટીઓ

દવાઓ ખાઈ ને કંટાળ્યા હોય તો આયુર્વેદ તરફ પાછા વળો????

૨૦ જેટલી અદભુત ગુજરાતી આયુર્વેદ જાણકારી PDF મોકલીએ છીએ... કૃપા કરી જરૂર મુજબ વાંચજો અને તમારા સ્નેહીજનો ને મોકલજો

દરેક તકલીફો અને ?? આયુર્વેદમાં આપેલા તેના ઉપચારો ની સરસ માહિતી

કિડની https://bit.ly/34yppJT

સગર્ભા અવસ્થા https://bit.ly/37BWy9k

જાડાપણું https://bit.ly/2TpxtWP

ડાયાબિટીસ https://bit.ly/3hy3GVs

અદભુત ગ્રંથ https://bit.ly/37IDSES

કમર નો દુ:ખાવો https://bit.ly/32tBE9u

આંખ ની તકલીફ https://bit.ly/2HASMlH

વા,મણકા, ગાદી https://bit.ly/3iEanqd

ઘરેલુ નુસ્ખા https://bit.ly/2FiLItd

તાવ https://bit.ly/2Rt5og4

ઓષધિય છોડ https://bit.ly/2HuIALn

હદય રોગ https://bit.ly/2H0oYi3

૪૦૫ રોગ ઉપચાર https://bit.ly/2RqaVV2

ઔષધો https://bit.ly/37HoVD6

મેરા આયુર્વેદ મહાન https://bit.ly/3hKQD3i

દાદીમાના નુસખા https://bit.ly/2RqaVV2

૫૦ સફળ કેસ https://bit.ly/33uUZq3

ઇમ્યુનિટી વધારો https://bit.ly/2G54IM8

શરીર ના મુખ્ય ઘટકો https://bit.ly/35CTjMl

ઔષધીય વનસ્પતિઓ rttps://bit.ly/37HoVD6

TO ALL OF US WHO ARE BETWEEN 40-90 YEARS OLD:

HERE ARE SOME SIMPLE AND USEFUL SUGGESTIONS FOR EACH ONE OF US:

Always check:

1. Our blood pressure
2. blood sugar
3. triglycerides
4.cholesterol
5. Uric acid

Minimize:

1. Salt
2. Sugar
3. Bleached flour
4. Dairy products
5. Processed products
6. Maggi cube

Food needed:

1. Vegetables
2. Legumes
3. Beans
4. Nuts
5. Cold pressed oil (olive, coconut, ...)
6. Fruits

Three things you should try to forget:

1. Our Age
2. Our Past
3. Our Complaints

Three essential things:

1. Our Friends / comrades;
3. Our positive thoughts;
4. A clean and welcoming home.

Three basic things:

1. Always smile / laugh
2. Do regular physical activity at your own pace
3. Check and control your weight

Seven essential things:

1. Do not wait until we are thirsty to drink water;
3. Do not wait until we are sleepy to sleep;
4. Do not wait until we are tired to rest;
5. Do not wait until we are sick to have medical examinations;
6. Do not wait for miracles to trust God;
7. Never lose confidence in ourselves
8. Let's stay positive and always hope for a better tomorrow
.

IF YOU HAVE FRIENDS IN THIS AGE RANGE (40-90 YEARS) THAT YOU LIKE, SEND THESE SUGGESTIONS

# કોંગ્રેસને વાંધો ભાજપ સામે નહી પરંતુ વિકાસ સામે છે: પાટીલ

અમદાવાદ,તા.૮

ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ દ્વારા પત્રકાર પરિષદનું સંબોધન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાનાં ભાષણ દરમિયાન કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આ ઉપરાંત તેમણે ભાજપનું નવુ સુત્ર પણ લોન્ચ કર્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને અનુલક્ષીને તેમણે ભાજપનું નવું સૂત્ર લોન્ચ કર્યું. ગુજરાત છે મક્કમ, ભાજપ સાથે અડીખમ આ સુત્ર લોન્ચ કર્યું હતું.

તેમણે કહ્યું કે, કોંગ્રેસને ભાજપ સામે વાંધો નથી પરંતુ વિકાસ સામે વાંધો છે. ભાજપ દ્વારા જેટલા પ્રોજેક્ટ કે કાયદા લવાયા તે તમામનો કોંગ્રેસે આંખો બંધ કરીને વિરોધ કર્યો છે. પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, કોંગ્રેસ દ્વારા રામ મંદિર, નર્મદા યોજના, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત મોટા ભાગનાં પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવ્યો. સ્ટેચ્યુ ઓફ યુનિટીને તો તેમણે લોખંડનો ભંગાર ગણાવીને વિરોધ કર્યો હતો. આ માત્ર સરદાર સાહેબ જ નહી પરંતુ સમગ્ર ગુજરાતનું અપમાન હતું. એસવીપી હોસ્પિટલ, બીઆરટીએસ, સાબરમતી રિવર ફ્રન્ટ, સુજલાફ સુફલામનો પણ વિરોધ કર્યો.

આજે આ તમામ પ્રોજેક્ટ ન માત્ર સફળ છે પરંતુ તેના પરથી અનેક રાજયો અને બીજા દેશો પ્રેરણા પણ મેળવી રહ્યા છે. કોંગ્રેસ ભાજપ વિરોધી નહી પરંતુ વિકાસ વિરોધી છે. ત્યાંનું શિર્ષ નેતૃત્વ જે કાંઇ પણ કહે તેનું આંધળુ અનુકરણ કરવામાં આવે છે. એટલે સુધી કે કોંગ્રેસ દ્વારા સેનાના જવાનો, રાષ્ટ્રીય નીતિઓનો પણ વિરોધ કરવામાં આવ્યો છે. આ વિકાસ વિરોધી પાર્ટીની વિરુદ્ધ ગુજરાત છે મક્કમ, ભાજપ સાથે અડીખમ. એટલે જ ગુજરાતનો વિકાસ ઉડીને આંખે વળગ ે તેવો છે.

# કુંવરપુરા પ્રાથમિક શાળા સામે મેન હાઈવે રોડ ઉપર મોટરસાયકલ ડીવાઇડર સાથે અથડાઇ જતા અકસ્માતમાં ચાલકને ગંભીર ઈજા.

રાજપીપળા,તા.૮

નાંદોદ તાલુકાના કુંવરપુરા પ્રાથમિક શાળા સામે મેન હાઈવે રોડ ઉપર મોટરસાયકલ ડીવાઈડર સાથે અથડાઈ જતા અકસ્માત માં મોટરસાયકલ ચાલકને ગંભીર ઈજા થવા પામી હતી.આ અંગે રાજપીપલા પોલીસ મથકે અકસ્માત ગુનાની ફરિયાદ નોંધાઈ છે.જેમાં ફરિયાદી દુર્ગાબેન સતિષભાઈ વેચતાભાઈ વસાવા (રહે,વાઘેથા ટેકરી ફળિયું) ને આરોપી સતિષભાઈ વેચતાભાઈ વસાવા (રહે,વાઘેથા ટ્રેકરી ફળિયુ ) સામે કરી છે.

ફરિયાદની વિગતો મુજબ તા.૬ /૨ /૨૧ના રોજ ફરિયાદી દુર્ગાબેન પતિ તેમની મોટરસાયકલ ગાડી નંબર જીજે જીરો ૦૬ સીજી ૦૩૦૬ રાજપીપળા બજારમાં ઘરવખરીનો સામાન લઈને પરત એમના ઘરે જતા હતા.તે વખતે કુંવરપુરા પ્રાથમિક શાળાની સામે મેન હાઈવે રોડ ઉપર પોતાની મોટરસાયકલ પૂર ઝડપે હોય સ્લીપ ખાઈ જતા હાઈવે રોડના ડીવાઈડર સાથે અથડાઈ જતા અકસ્માત થતાં તેમને માથામાં તથા છાતીના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ભાજપના સભ્યો જ દારૂ-જુગારના અડ્ડા અને ક્લબો ચલાવે છે: ધારાસભ્ય ગેનીબેન

બનાસકાંઠા,તા.૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને ધમધમાટ શરૂ થઈ ગયો છે. બનાસકાંઠા જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનો ધમધમાટ શરૂ થયો છે. આ દરમિયાન ભાભર નગરપાલિકાની ચૂંટણી પહેલા જ કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. ગેનીબેન ઠાકોરે ભાજપના ચૂંટાયેલા વર્તમાન સભ્યો જ દારૂ અને જુગારના અડ્ડા ચલાવતા હોવાના ગંભીર આક્ષેપો કરતા રાજકીય માહોલ ગરમાયો છે. બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે ધીરે ધીરે ગરમી વધી રહી છે અને આ ગરમીની વચ્ચે સ્થાનિક સ્વારાજની ચૂંટણી જાહેર કરવામાં આવતા હવે ચૂંટણીનો માહોલ પણ ગરમાયો છે. નગરપાલિકાની ચૂંટણી પહેલાં જ આક્ષેપ અને પ્રતિ-આક્ષેપનો દોર શરૂ થઇ ગયો છે. ભાભર નગરપાલિકાની ચૂંટણી પહેલાં જ વાવ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે ભાજપ શાસિત પાલિકાના સભ્યો પર ગંભીર આક્ષેપો કર્યા છે. ગેનીબેન ઠાકોરે નિવેદન આપતા જણાવ્યું હતું કે, ‘ભાભર નગરપાલિકામાં પાંચ વર્ષના શાસનમાં ભાજપ સમસ્યાઓ હલ કરવામાં તો નિષ્ફળ રહી જ છે, પરંતુ ચૂંટાયેલા સભ્યો જ દારૂના અડ્ડા, જુગારના અડ્ડા, ક્લબો અને કોન્ટ્રાક્ટ ચલાવે છે. કોટવાલ જ ચોરી કરે ત્યારે જનતાનું શું થાય? ગેનીબેને વધુમાં જણાવ્યું હતું કે, આ બધુ જ ભાભરના લોકોએ નિહાળ્યું છે. હવે ભાભરની જનતા ભાજપના શાસનથી કંટાળી ગઈ છે. આ વખતે નગરપાલિકાની ચૂંટણીમાં ભાભરના લોકો પરિવર્તન લાવશે.

# શ્રી બનાસ ષડ દર્શન વિરકત સંત સેવા મંડળ દ્વારા રામ જન્મભૂમિ સમર્પણમાં ૩,૮૫,૨૨૨ નો ચેક અર્પણ કર્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



પાલનપુર ગણેશપુરા વિસ્તારમાં આવેલ યોગે વેદાંત આશ્રમ માં સોમવારે પાલનપુરના મગરવાડા હાથીદરા લાલાવાડા અને જસપુરીયા ના મહંતો હાજર રહ્યા હતા જેમાં પ્રતિ શ્રી વિજય સોમજી મહારાજ મગરવાડા જેમને ૧૧૧૧૧૧, મહંત શ્રી દયાલ પુરીજી મહારાજ હાથીદરા ૫૧૦૦૦, સ્વામી નિરવ વેદાંત હાથીદરા ૫૧૦૦૦, મહંત શ્રી રવિ શરણાનંદજી મહારાજ લાલાવાડા ૨૧૦૦૦, અને શ્રી બનાસ ષડ દર્શન વિરકત સંત સેવા દ્વારા ૧,૫૧,૧૧૧નો ચેક રામ જન્મભૂમિ નિધિ માં આપ્યો હતો ,જેમાં રામેશ્વર બાપજી,રામપુર અભિયાનના પ્રમુખ ગજેન્દ્રભાઈ જોશી,બાબુભાઇ ચડોખિયા,હિતેશ ગામી સહિત સંતો હાજર રહ્યા હતા

# સુરતમાં ભાજપે ૨૬ અને કોંગ્રેસે ૩૪ બિનગુજરાતી ઉમેદવારોને ઉતાર્યા

સુરત,તા.૮

ભાજપે પહેલી વખત ૨૬ બિનગુજરાતી ઉમેદવારને ટિકિટ આપી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. ઉધના અને લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલાં મરાઠી મતદારો પરંપરાગત રીતે ભાજપને વફાદાર રહ્યા છે પરંતુ ઉત્તર ભારતીય મતદારોનો ઝોક ભાજપ અને કોંગ્રેસ તરફ હોવાથી આ વખતે સાત ઉત્તર ભારતીયોને ભાજપની ટિકિટ આપવામાં આવી છે. મિની ભારત તરીકે ઓળખાતા સુરતમાં દેશના ૨૯ પૈકી ૨૨થી વધુ રાજયના ૧૭ લાખથી વધુ લોકો વસવાટ કરે છે. પરપ્રાંતીય સમાજની વસતી મુખ્યત્વે અઠવા, ઉધના અને લિંબાયત ઝોન વિસ્તારમાં છે. અઠવા ઝોનમાં રાજસ્થાની સમાજ જ્યારે ઉધના અને લિંબાયત વોર્ડમાં મરાઠી, ઉત્તર ભારતીય તથા તેલુગુ, ઓરિસ્સા સમાજના લોકોની વસતી છે. ઉધના અને લિંબાયતની પેનલમાં સંતુલન રાખીને ટિકિટ આપવામાં આવી છે. ભાજપે ૧૩ મરાઠી ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છે જેમાં દસ મરાઠી પાટીલ, એક મરાઠી હલબા, એક મરાઠી માળી અને એક મરાઠી ફુલમાળીનો સમાવેશ થાય છે. ભાજપે સાત ઉત્તર ભારતીયોને ટિકિટ આપી છે જેમાં ત્રણ ઉત્તરપ્રદેશના બ્રાહ્મણ ઉમેદવાર છે જયારે બે ઉત્તરપ્રદેશના રાજપૂત, એક યાદવ તથા એક બિહારી રાજપૂત છે. ભાજપે રાજસ્થાની રાજપૂત, બે રાજસ્થાની બ્રાહ્મણ, એક અગ્રવાલ અને એક મહેશ્વરી સમાજના છે. ભાજપે એક તેલુગુ ઉમેદવારને પણ ટિકિટ આપી છે. તો એકપણ ઓરિસ્સાવાસી નથી. શહેરમાં ૧૭ લાખથી વધુ પરપ્રાંતીયને આકર્ષવા માટે ભાજપે ૨૬ પરપ્રાંતીય ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસે ૩૪ બિનગુજરાતી ઉમેદવારોને ટિકિટ આપી ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.

૩૪ બિનગુજરાતીમાં ૧૫ ઉત્તર ભારતીય, ૧૩ મરાઠી, ૫ રાજસ્થાની અને ૧ તેલુગુ ઉમેદવારનો સમાવેશ થાય છે. જયારે ૩૧ પાટીદાર, ૨૯ ઓબીસી જ્ઞાતિના ઉમેદવારોને ટિકિટ આપી છે. આ ઉપરાંત એસટી-એસસીના ૧૬ ઉમેદવાર અને ૬ વકીલ, ૩ એન્જિનિયરને ટિકિટ ફાળવતાં તેઓએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. કોંગ્રેસે ફોર્મ ભરવાની અવધિ પૂરી થયાના સાત કલાક બાદ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. જો કે કોંગ્રેસ પણ ભાજપની જેમ બિનગુજરાતીઓને એટલું જ મહત્વ આપ્યું છે. સુરતમાં તેલુગુની વસ્તી નોંધનીય હોવાથી એક તેલુગુ ઉમેદવારને ટિકિટ આપી છે. તેવી જ રીતે ઉધના, લિંબાયત, ડિંડોલી તરફ મરાઠીઓની સંખ્યા વધુ હોવાથી આ તરફની બેઠક પર મરાઠીઓને ટિકિટ આપવામાં આવી છે. તેવી જ રીતે એસસીની ૮ મળી એસસી-એસટીના ૧૬ ઉમેદવારને ટિકિટ આપી છે.

# શ્રી રામ મંદિર નિર્માણ નિધિ એકત્રીકરણ માટે માણાવદરમાં ધર્મ સભા યોજાઈ




પ્રભુ શ્રી રામચંદ્રજીના ભવ્ય મંદિરનું નિર્માણ રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે થઈ રહ્યું છે ત્યારે સમગ્ર દેશની હિન્દુ જનતાનાં ઘરે ઘરે જઈ નિધિ એકત્રીકરણ અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ અનુસંધાને માણાવદરના પૂ.પા. ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદયશ્રીની ઉપસ્થિતિમાં એક ભવ્ય ધર્મસભાનું આયોજન માણાવદર ખાતે કરવામાં આવેલ હતું. આ ધર્મ સભામાં શ્રીમાન પરાગકુમારજી મહોદય શ્રી એ તમામ હિન્દુ અને વૈષ્ણવોને શ્રીરામ મંદિરના નિર્માણમાં પોતાનું યથાયોગ્ય યોગદાન સમર્પિત કરવું જોઈએ તેમજ દરેક હિન્દુઓએ ધર્મ અને જાતિના વાડા ભૂલી સનાતન હિન્દુ ધર્મનું આચરણ કરવું જોઈએ. મર્યાદા પ્રતીક સમા રાષ્ટ્રીય મંદિર એવા શ્રીરામ મંદિરના નિર્માણની કામગીરીમાં જોડાવું જોઈએ દરેક જન પોતપોતાની યથાશક્તિ પ્રમાણે આ મર્યાદા સંપ્રદાયમાં સહકાર આપે તેજ ઈચ્છનીય છે. આવું આહવાન મહોદયશ્રીએ પોતાનાં વચનામૃતમાં કર્યું હતું.

માણાવદરના ભામાશા એવા શ્રી આશીર્વાદ એન્ઝાલિકના ડાયરેક્ટર શ્રી નારણભાઈ સોલંકી આ તકે રૂપિયા ૫,૫૫ ૫૫૫/- નું સમર્પણ અર્પિત કરેલ હતું તેમજ શ્રી કારાભાઈ મેલવાણીએ પોતાનું રૂ. ૨૫૦૦૦/- નું અનુદાન આપેલ, અનેક દાતાશ્રીઓએ દ્વારા રૂ. ૧૧,૧૧૧/- નું સમર્પણ કરવામાં આવેલ જેઓને મહોદયશ્રીએ ખુશી ભેટ આપી સન્માનિત કર્યા હતા. આ રીતે ઘણાં લોકોએ પોતપોતાના સમર્પણ નિધિનો ધોધ વહાવ્યો હતો.

આ ધર્મસભામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જૂનાગઢના શ્રી અશોકભાઈ પૈડા, નરોત્તમભાઈ રાવલ, મહેશભાઈ સોનપાલ, વિશ્વ હિન્દુ પરિષદ કેશોદના શ્રી અશ્વિનસિંહ રાયજાદા, ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ શ્રી મનોજભાઈ ગોહેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ધર્મસભાના આયોજનમાં માણાવદર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના કાર્યવાહ શ્રી ગોવિંદભાઈ ડઢાણીયા, નયનભાઈ પીઠડીયા, નીલેશભાઈ દેત્રોજા, દક્ષેશભાઈ ભોજાણી, નિમિષભાઈ રાવલ, પ્રભુદાસભાઈ ડાભી તેમજ સર્વોત્તમ સેવા સંસ્થાન ના જીતુભાઈ દેકીવાડીયા તેમજ તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

## દીકરી અને ભત્રીજા ની વડિયા.અને નવા વાઘપૂરા તાલુકા પંચાયતની સીટ પર ટિકિટની દાવેદારી પાછી ખેચી

# સ્થાનિક સ્વરાજની ચુટણીમાં ભાજપી નેતાના સગાને ટિકિટ નહી આપવાના નિયમનું પાલન કરતા ભરુચના સાંસદ મનસુખભાઈ વસાવા



રાજપીપળા, તા ૮

ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ દ્વારા ગુજરાત મા સ્થાનિક સ્વરાજની ચૂંટણી મા ભાજપી નેતાઓ ના સગા ને ટિકિટ નહી આપવાના નિર્ણયથી મોટા ભાગના નેતાઓ ના સગાઓ ને ટિકિટ મેળવવા ના સ્વપ્નાં અધૂરા રહી ગયા છે. કેટલીક જગાએ તેનો વિરોધ થઇ રહયો છે તો કેટલાક નેતાઓ પાર્ટીના નિર્ણય ને આવકારી રહ્યા છે. જેનુ ઉદાહરણ નર્મદા જિલ્લા મા જોવા મળ્યુ છે. જેમાસ્થાનિક સ્વરાજ ની ચુટણીમાં ભાજપી નેતાના સગાને ટિકિટ નહી આપવાના નિયમનું પાલન ભરુચ ના સાંસદ મનસુખભાઈ વસાવાએ કરી અન્યો માટે પ્રેરણા સ્રોત બન્યા છે. જેમા

સાંસદ મનસુખભાઈ વસાવાની દીકરી અને ભત્રીજા ની વડિયા.અને નવા વાઘપૂરા તાલુકા પંચાયતની સીટ પર ટિકિટ ની દાવેદારી પાછી ખેચી.લીધાની જાહેરાત કરી છે. આ અંગે મનસુખભાઈ વસાવાએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યુ છે કેપ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડ તરફથી નિર્ણય લેવાયો છે કે કોઈપણ નેતાના પરિવારમાંથી તાલુકા, જિલ્લા કે નગરપાલિકાની સીટ પરથી ઉમેદવારી કરવી નહીં, પાર્ટીના આ નિર્ણયને હું ખૂબ જ આવકારું છું.મારા પરિવારમાંથી પ્રીતિબેન વસાવાએ તાલુકા પંચાયત વડીયા અને જિલ્લા પંચાયત આમલેથા સીટ પરથી તથા મારા ભત્રીજા હસમુખભાઈ ગોવિંદભાઈ વસાવાએ ગરૂડેશ્વર તાલુકાના નવા-વાઘપુરા તાલુકા પંચાયત સીટ પરથી જે દાવેદારી કરી હતી.

તે દાવેદારી મારા પરિવારના બંને સભ્યો દીકરી તથા ભત્રીજાની અમે પાછી ખેંચીએ છીએ અને પાર્ટીમાંથી અન્ય જે કોઈપણ ઉમેદવારનું નામ આવશે, તેને મારો પરિવાર અને મારા સ્નેહીજનો પૂરી તાકાતથી તે ઉમેદવારને જીતાડવા માટે મહેનત કરશે. જોકે મનસુખ ભાઈ વસાવાના આ નિર્ણયને પાર્ટીના આગેવાનો અને કાર્યકરોએ સહર્ષ આવકાર્યો છે.

જોકે રાજકીય પંડિતો નું કહેવુ છે કે ટિકીટો જાહેર થયા પછી પાર્ટી મા વિરોધ નો સૂર ના ઊઠે અને ભડકો ના થાય તેં માટે પહેલ સિનિયર નેતાથી કરાઈ છે જેથી બીજા નેતાઓ ની પણ હવે બોલતી બંધ થઇ જશે. અને વિરોધનોસૂર શમી જશે.

હવે એ જોવું રહ્યું કે નર્મદા ના ઘણા નેતાના સગાઓએ તાલુકા જિલ્લા પંચાયતમા અને નગર પાલિકામા ટિકિટ માંગી છે ત્યારે મનસુખભાઈની જેમ અન્ય ક્યા નેતાઓ પોતાના સગાની ટિકીટ પાછી ખેચે છે અને કોની ટિકિટ કપાય છે તેં હવે જોવું રહ્યું

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

# સીઆરસી બ્રાહ્મણવાડા દ્વારા વોટ્સઅપ આધારિત કસોટી અંગે બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું



બ્રાહ્મણવાડા સેન્ટર ની ટુંડાવ શાળામાં આજરોજ બ્રાહ્મણવાડા સી.આર.સી.કો અલ્પેશ શ્રીમાળી દ્વારા બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું covid-19 મહામારીમાં વિદ્યાર્થીઓને રાજયકક્ષાએથી મદદરૂપ થવાના હેતુથી અનેક કાર્યક્રમ સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા ચલાવવામાં આવે છે તે પ્રમાણે આજના ટેક્નોલોજીના યુગમાં વિદ્યાર્થીઓ ડિવાઇસ ચલાવવા સક્ષમ છે ત્યારે વોટ્સઅપના માધ્યમથી બાળકો પોતાના અભ્યાસ પોતાની જાતે ચકાસી શકે અને સ્વયં પોતે જ પોતાની પ્રેક્ટિસ દ્વારા પોતાને કયા ક્ષેત્રમાં મુશ્કેલ છે અને વધુ મહાવરો કયા ચેપ્ટર માં કયા પોઇન્ટ ઉપર કરવાનો છે તે પણ જાણી શકે છે.આ માટે વોટ્સએપ આધારિત સાપ્તાહિક પ્રેક્ટિસ મૂલ્યાંકન નું આયોજન કરેલ છે આ માટે શિક્ષણ વિભાગ દ્વારા એક whatsapp નંબર જાહેર કરવામાં આવેલ છે ૮૫૯૫૫૨૪૫૨૩ ના નંબર પર વિદ્યાર્થીને ફક્ત હેલ્લો લખીને મોકલવાનો રહેશે અને તરત જ રીપ્લાય મળશે ત્યારબાદ વિદ્યાર્થીઓ શાળાનો ડાયસ કોડ લખીને મોકલવાનું રહેશે અને પછી તરત જ વિદ્યાર્થીની શાળા તાલુકો જીલ્લો એની વિગતો મળશે તેની વિદ્યાર્થી ની ખરાઇ કરવાની રહેશે બાદમાં વિદ્યાર્થી જે તે વિષય ની કસોટી આપી શકશે અને તેના કેટલા જવાબ સાચા પડ્યા તે પણ જોઈ શકશે આનું સુંદર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું આ પ્રસંગે એસએમસીના શિક્ષણવિદ પંચાલ ડાહ્યાભાઈ પણ હાજર રહ્યા હતા અને તેમને પણ બાળકોને શિક્ષણ પ્રત્યેની જાગૃતતા લાવવા માટે માર્ગદર્શન પુરું પાડ્યું હતું આ પ્રસંગે શાળા ના મુખ્ય શિક્ષક પટેલ ભગવતી બેન તેમજ શાળા નો સમગ્ર સ્ટાફ પણ હાજર રહ્યો હતો

# સાંસદ મનસુખ વસાવા બંધ પડેલી રાજપીપળા અંકલેશ્વર રેલવે લાઈનનો પ્રશ્નો સંસદમાં ઉઠાવશે




રાજપીપળા,તા. ૮

ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ ઈકો સેન્સિટીવ ઝોનનો મુદ્દો સંસદમાં ઉઠાવ્યા બાદ હવે રાજારજવાડા વખતથી ચાલતી રાજપીપળા થી અંકલેશ્વર ટ્રેન નેરોગેજ માંથી બ્રોડગેજમાં ફેરવ્યા બાદ રેલવે વિભાગે અચાનક આ રેલ્વે બંધ કરી દેવાતા ભરૂચ-નર્મદા મુસાફર જનતામાં નારાજગી વ્યાપી છે.અને હવે તેને ફરીથી ચાલુ કરવાની માંગ કરી છે, ત્યારે ચૂંટણી ટાણે સાંસદ મનસુખ વસાવાએ ઈકો સેન્સીટીવ ઝોનનો મુદ્દો બાદ હવે બંધ પડેલી રાજપીપળા અંકલેશ્વર રેલવે લાઈનનો પ્રશ્નો સંસદમાં ઉઠાવશે એમ જણાવ્યું છે. અને કોઈ પણ હિસાબે રાજપીપળા થી અંકલેશ્વર ટ્રેન ચાલુ કરાવીને જંપીશ એવો પાક્કો ભરોસો લોકોને આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપળા અંકલેશ્વર નેરોગેજ લાઇનનું બ્રોડગેજમાં રૂપાંતર કરીને વર્ષ ૨૦૧૩-૧૪માં શરૂઆત કરી હતી.લગભગ ૮૦૦ કરોડના ખર્ચે વચ્ચે ૬૩ કી.મી.દુર રેલવે લાઇન લખાઈ હતી. રેલવે આવી પણ ખરી પરંતુ આ અંકલેશ્વરથી રાજપીપળા વચ્ચે આવતી ૧૬ ફાટકો બંધ કરવામાં રેલવે વિભાગ પાછું પડ્યું.અને નેરોગેજ કરતાં પણ બ્રોડગેજની આ ફાસ્ટ ટ્રેન ફાટકો ને કારણે ૬૩ કિ.મી.નું અંતર કપતા ૩ કલાક જેટલો સમય લાગતો હતો.અંતે નવેમ્બર ૨૦૨૦માં રાજપીપળા અંકલેશ્વર ટ્રેન બંધ કરી દેવાઈ આજે ડભોઇ કેવડીયા પેસેન્જરની જરૂર છે. અને તે રાજપીપળા જોડાય તો ટ્રાફિક બંને તરફથી મળી રહે જેથી રાજપીપળા કેવડિયા ટ્રેન જોવી જરૂરી છે.આ બાબતે સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે હાલ બજેટ સત્ર ચાલે છે.મેં ઈકો સેન્સીટીવ ઝોન રદ કરવાનો પ્રસંગ ન ગત મંગળવારે પૂછ્યો હતો. બીજો પ્રશ્ન રાજપીપળા કેવડિયા લઈને દોડવાની માંગ કરી છે હું ૧૭ મીએ આ મુદ્દો ઉઠાવવાનો છું તેઓએ વધુમાં કહ્યું હતું કે કોઈ પણ સંજોગોમાં હું કેવડીયા રાજપીપળા થી અંકલેશ્વર દોડાવીને જંપીશ.જો અમદાવાદ વડોદરા થઈ કેવડીયા પહોંચેલી ટ્રેન રાજપીપળા થઈ સીધી મુંબઈ નીકળી જાય તો સમય પણ બચે પેસેન્જર પણ વધે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# વંથલી તાલુકાના સાંતલપુરધારના બુટલેગરને પાસા હેઠળ સેન્ટ્રલ જેલ અમદાવાદ ધકેલાયો

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનીરીક્ષક મનીંદર પ્રતાપસિંહ પવાર ,જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમશેટી ની સુચના તેમજ નાયબ પોલીસ અધિક્ષક જે.બી. ગઢવીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતગર્ત જૂનાગઢ જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમ ના આધારે વંથલી પોલીસ સ્ટેશન ના પીએસઆઇ બી.કે.ચાવડા અને સ્ટાફે વંથલી તાલુકાના સાંતલપુર ધાર ( લાયન્સ નગર)ના બુટલેગર ભરત હમીરભાઇ કોડીયાતર ને પાસા અંતર્ગત અટકાયત કરી અમદાવાદ સેન્ટ્રલ જેલ હવાલે કરેલ

રીપોર્ટર- જીજ્ઞેશ પટેલ માણાવદર

# નાંદોદ તાલુકાના જીતપુરા ગામ એ ધારદાર પથ્થરનો મારતા એકને ગંભીર ઈજા.

રાજપીપળા,તા. ૮

નાંદોદ તાલુકાના જીતપુરા ગામ પથ્થર મારતાં એકને ગંભીર ઇજા તથા રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ નોંધાય છે.જેમાં ફરિયાદી પ્રકાશભાઈ દલસુખભાઈ તડવી (રહે,જીતપુર નવાવાઘપુરા) એ આરોપી પિન્ટુભાઈ રમેશભાઈ તડવી (રહે,જીતપુર,નવાવાઘપુરા) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી પીન્ટુભાઇ તા. ૬/૨/૨૧ના રોજ રાત્રિના અરસામાં ફરિયાદીના ફળિયામાં ગયેલ છે.જેથી પ્રકાશભાઇએ પૂછેલ કે તું આટલી રાત્રે અહીંયા કેમ આવે છે ? તેમ પૂછતા પીન્ટુભાઇ એકદમ ઉશ્કેરાઇ જઇ પિન્ટુભાઈને ગમે તેમ ગાળો બોલી નજીકમાંથી ધારદાર પથ્થર હાથમાં લઇ પ્રકાશભાઈને માથાના પાછળના ભાગે મારી દઈ ઈજા પહોંચાડે અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

# ભરુચમા AIMIMના રાષ્ટ્રીય અધ્યક્ષ ઓવૈસીએ નરેન્દ્ર મોદી અને અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા



રાજપીપળા,

અસાઉદ્દીન ઓવૈસીની AIMIM પાર્ટી અને છોટુ વસાવાની બીટીપી પાર્ટીએ ગુજરાતમાં ગઠબંધન કર્યું છે. ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઇને AIMIMના રાષ્ટ્રીય અધ્યક્ષ ઓવૈસી ગુજરાતની મુલાકાતે છે. તેમણે આજે ભરૂચમાં બીટીપી સાથે પહેલી સભા સંબોધી હતી. જેમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના નેતાઓ પર આકરા પ્રહાર કર્યા હતા, સાથે જ પૂર્વ સાંસદ અહેમદ પટેલને યાદ કર્યા હતા. ઓવૈસીએ જણાવ્યું હતું કે, આ ગુજરાત ગાંધીનું છે, આ ગુજરાત છોટુ વસાવાનું છે. વંચિત સમાજને એક કરવા માટે ગુજરાત આવ્યો છે. સાથે જ તેમણે એમ પણ કહ્યું કે ભાજપ અને કોંગ્રેસ મામા-ભાણેજની પાર્ટી છે.

અમે એક વિકલ્પ લઇને આવ્યા છીએ AIMIMના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ જણાવ્યું હતું કે, આજે અમે વિકલ્પ લઈને આવ્યા છે ત્યારે આદિવાસી ભાઈઓ અને મુસ્લિમ ભાઈઓ બહેનોને અપીલ કરું છું કે તમે આ વિકલ્પ પસંદ કરો. અમારો હેતુ ચૂંટણી જીતવાનો નથી, લોકોને હક આપવાનો છે. આપ અમારા માટે દુઆ કરો. દિલ્હીમાં દેશના ખેડૂતોએ નરેન્દ્ર મોદીની નિવ હલાવી નાખી છે. જે લોકોને ચૂંટીને મોકલીએ છે એ બહેરા થઈ જાય છે. વંચિત સમાજને એક કરવા ગુજરાત આવ્યો છું ઓવૈસીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ કયા સૌનો સાથ સૌનો વિકાસ અને વિશ્વાસની વાત કરે છે. એ તો પ્રજા સાથે વિશ્વાસઘાત કરે છે. ગુજરાત ભારતનો હિસ્સો છે. હું ભારતનો નાગરિક છું માટે ગુજરાત આવ્યો છું. આ ગુજરાત મોદી અને અમિતશાહનું છે એ વિચાર ખોટો છે. આ ગુજરાત ગાંધીનું છે. આ ગુજરાત છોટુ વસાવાનું છે. હું ભલે જુબાનનો ગંદો છું પણ વંચિત સમાજને એક કરવા ગુજરાત આવ્યો છું.

આ સભામાં અસદુદ્દીન ઓવૈસીએ જાહેર મંચ પરથી અહેમદ પટેલને યાદ કર્યા હતા અને જણાવ્યું હતું કે અહેમદ પટેલ માટે દુઆ કરી છે, તેઓ સાથે મારા સારા સંબંધ હતા. તેમણે કોંગ્રેસ અને ભાજપ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કોંગ્રેસ-ભાજપ મામા ભાણેજની પાર્ટી છે. કોંગ્રેસના ૧૨ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા, એ લોકો પહેલાથી જ ભાજપ સાથે સંપર્કમાં હતા. અમારી પાર્ટીનું એક માત્ર લક્ષ્ય છે કે પોલિટિકલ વેક્યુમને પૂર્ણ કરવો. છોટુ વસાવાનું એન્કાઉન્ટર કરવા ઓર્ડર નીકળેલા પણ લોકોએ સાથ ન છોડ્યો.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા



**અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઇમરાન ખેડાવાલા પર ટિકિટ વહેચણીને લઇને પણ કેટલાક આરોપ લગાવવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓને સીટીંગ કોર્પોરેટરોની ટિકિટ કપાઇ જતા હોબાળો થવાની આશંકા હતી. જેના પગલે છેલ્લા દિવસે કોંગ્રેસના ઉમેદવારોના નામ જાહેર કરવાના બદલે બારોબાર તેમને મેન્ડેટ આપીને ફોર્મ ભરવા મોકલી દેવાયા હતા. કોંગ્રેસે જમાલપુર વોર્ડના કોર્પોરેટર શાહનવાઝ શેખને ટિકિટ ના આપતા ભારે હોબાળો થયો હતો. જોકે કોંગ્રેસે પાછળથી શાહનવાઝ શેખને જમાલપુરની જગ્યાએ ખાડિયાથી ટિકિટ આપી હતી. શાહનવાઝ શેખે જમાલપુરથી જ લડવાનો આગ્રહ રાખ્યો હતો, પણ નેતાઓની સમજાવટ બાદ શાહનવાઝ ખાડિયાથી લડવા તૈયાર છે. આ દરમિયાન જમાલપુર વિસ્તારમાં યુવા નેતાઓને ટિકિટ ના મળતા લોકોએ નારાજગી વ્યક્ત કરી છે અને ૫ વર્ષથી ખોવાયેલા ધારાસભ્યો અને કોર્પોરેટરોએ સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં તેવા પોસ્ટરો લગાવ્યા છે. ભાજપના જમાલપુર-ખાડિયાના પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે ઇમરાન ખેડાવાલાના રાજીનામાની વાત પર કહ્યુ કે, "જમાલપુર ખાડિયાના ધારાસભ્યનું નવુ નાટક અમિત ભાઇ ચાવડાને રાજીનામું આપવાની ધમકી. આ જમાલપુર ખાડિયાની જનતા બધુ જાણે છે."ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ**

# સ્વચ્છતા સર્વેક્ષણમાં જોડાયેલા જાગૃત નાગરિકો, સંસ્થાઓનું મેયરશ્રીના હસ્તે સન્માન




ગાંધીનગરઃ

દેશવ્યાપી સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગર મહાપાલિકાને ૮મો ક્રમ મળ્યો હતો. સ્વચ્છતાના વિવિધ પાસાને આવરી લેતી વ્યવસ્થાઓ ગોઠવવા માટે જોકે મહાનગર પાલિકા દ્વારા ચલાવામાં આવેલી વિવિધ ઝુંબેશમાં નગરના જાગૃત્ત નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓનો વ્યાપક સહયોગ મળ્યો હતો. સોમવારે આવા જાગૃત્ત નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓનું મહાનગર પાલિકા ખાતે મેયરશ્રીના હસ્તે સન્માન કરીને તેમને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. મેયરશ્રી રીટાબેન પટેલે આ તકે જણાવ્યુ હતું કે સર્વેક્ષણમાં અગ્રતાક્રમ મેળવવા દરેક સન્માનિત વ્યક્તિ અને સંસ્થાએ સ્વચ્છતા ઝુંબેશમાં વધુ લોકોને જોડવાના છે અને સ્વચ્છતાને કાયમની ટેવ બનાવવાની છે. આ તકે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી સી દવે, સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલ તથા મહાનગર પાલિકા દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધામાં સહયોગી રહેલી સંસ્થા નિસર્ગ સાયન્સ સેન્ટરના અધ્યક્ષશ્રી અનિલભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. સ્વચ્છતા સર્વેક્ષણમાં મહાનગર પાલિકાને ૩ સ્ટાર રેટીંગ મળ્યુ હતું. હવે મહાનગર પાલિકા દ્વારા ૫ રેટીંગ મેળવવાની દિશામાં સ્વચ્છતા વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી રહી છે. ત્યારે વધુને વધુ લોકો જાગૃત બને અને આમ આદમી સ્વચ્છતાના આગ્રહી બને તેના માટે સેનિટેશન બ્રાન્ચ દ્વારા અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયુ હતું. તેમાં વિજેતાઓને પુરસ્કૃત પણ કરાયા હતાં. દરમિયાન સોમવારે આ વિજેતાઓ ઉપરાંત કોરોના કાળમાં અનેકવિધ સેવા અને સુવિધા પુરી પાડનાર સંસ્થાઓ અને ઉદ્યોગકારોનું પણ પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. તેમાં સવિના ટેકનોલોજીસ, સાબરમતી ગેસ, ગેઝિયા, ગુરુદ્વારા સાહિબ, લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના, અર્થકીડ હ્યુમાનિટી ફાઉન્ડેશન, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, કોટક મહિન્દ્રા, બોરીજ શાળા, સખી મંડળ સહિતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK